પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૮-૦૭-૨૦૨૫- શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૯૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

## પહેલગામ હુમલામાં ૨૬ સહેલાણીઓની હત્યા કરનાર પાકિસ્તાન સમર્થિત

# ટીઆરએફને આતંકવાદી સંગઠન જાહેર કરતુ અમેરિકા

### લશ્કરએ તોયબા પર પ્રતિબંધ લાગુ કરાતા ધ રેજીસ્ટેન્સ ફ્રન્ટના નવા નામથી ચાલુ કરાયેલા આતંકી સંગઠન પર પ્રતિબંધ જાહેર કરતા અમરિકાના વિદેશમંત્રી

નવી દિલ્હી, તા. ૧૮

પહેલગામ હુમલા બાદ ભારત પાકિસ્તાન વચ્ચેનું અણુ યુધ્ધ મે અટકાવ્યું હતું અને યુધ્ધ વિરામ કરાવ્યું હતું તેવા અમેરીકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વિધાનોને ભારતે અનેક વખત નકાર્યા છે તથા હાલમાં જ ટ્રમ્પનો પાકિસ્તાન પ્રેમ પણ બહાર આવ્યો છે તે વચ્ચે અચાનક એક પગલામાં અમેરીકાએ પહેલગામ હુમલા માટે જવાબદાર મનાતા લશ્કર એ તોયબાના ફ્રન્ટ સંગઠન ધ રેજીસ્ટેંસ ફ્રન્ટ (ટીઆરએફ)ને વિદેશી ત્રાસવાદી સંગઠન જાહેર કર્યુ છે.

આ સંગઠનના હવે આંતરરાષ્ટ્રીય સ્તરે નાણાકીય સ્ત્રોતો અને બેંક ખાતાઓ ફ્રીઝ થઈ જશે અને તેના ઉપર આંતરરાષ્ટ્રીય વોરંટ પણ ઈશ્યુ કરી શકાશે. પાકિસ્તાન સ્થિત લશ્કર એ તોયબાને અગાઉ જ પ્રતિબંધીત





ત્રાસવાદી સંગઠન જાહેર કર્યા બાદ તેને પોતાની ત્રાસવાદી પ્રવૃતિ યથાવત રાખવા આ નવા નામ હેઠળ ધ રેજીસ્ટેંસ ફ્રન્ટની રચના કરી હતી.

પહેલગામ હુમલા માટે પણ તે જવાબદાર હોવાનું બહાર આવ્યું હતું. તે વચ્ચે અમેરીકાના વિદેશ મંત્રી માર્કો રૂબીયોએ ગઈકાલે જાહેર કર્યુ છે કે, ધ રેજીસ્ટેંસ ફ્રન્ટ (ટીઆરએફ)એ પ્રતિબંધીત વિદેશી ત્રાસવાદી સંગઠન ગણાશે અને તેની સામે તમામ પ્રકારના પ્રતિબંધો અમલી બનશે.

અમેરીકાના આ પગલાથી પાકિસ્તાનને પણ મોટો ફટકો પડે તેવી ધારણા છે. પાક. દ્વારા આ સંગઠનને તેની ત્રાસવાદી ભૂમિકા માટે સહાય કરતુ હતું અને હવે પાકિસ્તાન સરકાર તેને આળપંપાળ કરી શકશે નહી.

અમેરીકાના વિદેશ મંત્રીએ જાહેર કર્યુ કે, પહેલગામ હુમલો એ ૨૦૦૮

અનુસંધાન પાના ૭ પર

## ત્રાસવાદ મુદ્દે અમેરિકાનો મજબૂત સહયોગ : જયશંકર

નવી દિલ્હી, તા. ૧૮

અમેરીકા દ્વારા પહેલગામ હુમલા માટે જવાબદાર પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠન ટીઆરએફને આંતરરાષ્ટ્રીય ત્રાસવાદી સંગઠન જાહેર કરવાના અમેરીકાના પગલાને આવકારતા વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકરે જણાવ્યું હતું કે ભારત અને અમેરીકા આતંકવાદ સામેના એક મજબુત સહયોગની આ સાથે પુષ્ટિ થઈ છે.

પહેલગામ હુમલા માટે જવાબદાર સંગઠનની સામે હવે આંતરરાષ્ટ્રીય કાર્યવાહી સરળ બનશે અત્રે ઉલ્લેખનીય છે કે હજુ બે દિવસ પહેલા જ સાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં પણ શ્રી જયશંકરે ત્રાસવાદ પ્રત્યે જીરો ટોલરન્સની નીતી અપનાવવાની દુનિયાને અપીલ કરી હતી.

## દિલ્હીમાં વધુ ૨૦ સ્કૂલોને ફુંકી મારવા અંગે ઈ મેઈલથી ધમકી

### એક સાથે ૨૦ સ્કુલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ભારે અફડા તફડી

નવી દિલ્હી, તા. ૧૮

આજે વહેલી સવારે દિલ્હીની એક-બે નહિં પણ ૨૦ સ્કુલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા અફડાતફડી મચી ગઈ છે.પશ્ચિમ વિહાર સ્થિત હિચમંડ, ગ્લોબલ સ્કુલમાં આજે શુક્રવારે વહેલી સવારે બોમ્બ હોવાની સુચના મળી હતી. સુચના ઈ-મેઈલથી સવારે ૪-૫૫ વાગ્યે મળી હતી.

જાણ થતાં જ સ્થાનિક પોલીસની સાથે બોમ્બ વિરોધી ટુકડી, સ્નીફર ડોગ સ્કવોડ અને ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને દરોડા સ્થળે તપાસ કરાઈ હતી પણ હજુ સુધી શંકાસ્પદ વસ્તુ નથી મળી.

દિલ્હીમાં અવારનવાર સ્કુલ-કોલેજોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, દિલ્હીની ૨૦ થી વધુ સ્કુલોને બોમ્બથી સ્કુલોને ઈ-મેલના બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.

પશ્ચિમ વિહારની રિચમંડ ગ્લોબલ વહેલી સવારે ૪.૫૫ કલાકે બોમ્બની ધમકી ઈ-મેલથી મળી હતી ઘટના સ્થળે સ્થાનિક પોલીસની સાથે સાથે સ્નીફર ડોગ સ્કવોડ, ફાયર બ્રિગેડ પહોંચી ગયા હતા અને તપાસ દરમ્યાન કોઈ શંકાસ્પદ વસ્તુ નથી મળી.

આ ઉપરાંત રોહિણી સેકટર-૩ સ્થિત અભિનવ પબ્લિક સ્કુલને પણ બોમ્બની ધમકી મળી છે. અન્ય સ્કુલોને પણ આજે સવારે બોમ્બની ધમકી મળતા સ્કુલોમાંથી છાત્રો-સ્ટાફને બહાર કાઢવામાં આવ્યા હતા જોકે કંઈ શંકાસ્પદ ન મળતા આ બધી ધમકીઓને ખોટી જાહેર કરી હતી.

## બાંન્દ્રામાં ગેસ સિલિન્ડરમાં ધડાકો થતા ત્રણ માળની ઈમારત તૂટી પડી

### ધરાશાયી થયેલી ઈમારતના કાટમાળમાં ઘણા ફસાયા, ૧૨ લોકોનો બચાવો

મુંબઈ, તા. ૧૮

શુક્રવારે સવારે મુંબઈના પશ્ચિમ ઉપનગર બાંદ્રામાં ત્રણ માળની ઈમારત ધરાશાયી થઈ ગઈ. તેનું કારણ સિલિન્ડર બ્લાસ્ટ હોવાનું કહેવાય છે. કાટમાળ નીચે ઘણા લોકો ફસાયા હોવાની આશંકા છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં કાટમાળમાંથી ૧૦ થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. તેમને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત ભાભા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પ્રાથમિક માહિતી મુજબ, બાંદ્રા પૂર્વના ભારત નગર વિસ્તારમાં ચાલ નંબર ૩૭ સવારે ૫.૫૬ વાગ્યે ધરાશાયી થયો હતો. ફાયર બ્રિગેડના એક અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈ પોલીસ અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્થાનિક વોર્ડ મશીનરી સાથે આઠ ફાયર એન્જિન ઘટનાસ્થળે હાજર છે. તેમણે કહ્યું, "રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે."

અનુસંધાન પાના ૭ પર

## મોતીહારીની જન સભામાં મોદી-મોદી અને ભારત માતાની જયના નારા

### બિહારમાં રૂ. ૭૧૯૬ કરોડના વિકાસ કામોનું લોકાપર્ણ કરતા વડા પ્રધાન

પટના, તા. ૧૮

બિહારમાં પીએમ ખુલ્લા વાહનમાં સ્ટેજ પર પહોંચ્યા હતા. મુખ્યમંત્રી નીતિશ અને નાયબ મુખ્યમંત્રી પણ હાજર હતા. ૭૧૯૬ કરોડના પ્રોજેક્ટસનું લોકાર્પણ કરવા વડાપ્રધાન બિહારમાં આવ્યા છે. પીએમ નરેન્દ્ર મોદી મોતીહારીમાં સભાને સભામાં ખુલ્લા વાહનમાં લોકોનું સ્વાગત કરતા સ્ટેજ પર પહોંચ્યા છે. મુખ્યમંત્રી નીતિશ કુમાર અને બંને નાયબ મુખ્યમંત્રી પણ તેમની સાથે હાજર છે.આ દરમિયાન તેમના વાહન પર ફૂલોનો વરસાદ થતો રહ્યો. મોદી-મોદી અને ભારત માતાના નારા લાગ્યા.પીએમ મોદી બિહાર માટે ૭૧૯૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું હતં. એવો દાવો કરવામાં આવ્યો છે કે કાર્યક્રમમાં ૪ લાખ લોકો હાજર છે. પંડાલમાં ૧.૫ લાખ લોકો માટે બેસવાની વ્યવસ્થા છે.૨૦૨૫માં પીએમની આ પાંચમી બિહાર મુલાકાત છે. અગાઉ, તેમણે સિવાન, ભાગલપુર, મધુબની, પટના, શાહાબાદ જેવા વિસ્તારોમાં જાહેર સભાઓને સંબોધિત કરી છે.આ દરમિયાન, પીએમ મોદી ફક્ત પૂર્વ ચંપારણ માટે ૭૦૦ કરોડ રૂપિયાની યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. આ સાથે, તેઓ દેશ માટે ૪ અમૃત ભારત ટ્રેનોને લીલી ઝંડી આપશે. આમાંથી એક ટ્રેન મોતીહારી અને દિલ્હી વચ્ચે દોડશે.પીએમ મોદી સમસ્તીપુર-બછવારા રેલ સેક્શન પર ઓટોમેટિક સિગ્નલિંગ સુવિધા રાષ્ટ્રને સમર્પિત કરશે. આ ઉપરાંત, દરભંગા-થલવારા અને સમસ્તીપુર-રામભદ્રપુર રેલ લાઈનનું ડબલિંગ, જે ૫૮૦ કરોડ રૂપિયાના દરભંગા-સમસ્તીપુર ડબલિંગ પ્રોજેક્ટનો એક ભાગ છે. આનાથી ટ્રેનોનો વિલંબ ઓછો થશે અને ગતિ વધશે.

## કાર અને ટ્રક વચ્ચે ટક્કર થતા પાંચ અમરનાથ યાત્રી ઘાયલ

### ઉધમપુર જિલ્લામાં સવારે વાહન અકસ્માત

જમ્મુ, તા. ૧૮

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં બહલ બલિયાન નજીક આજે સવારે એક ટ્રક અને કાર વચ્ચે અથડાતા પાંચ અમરનાથ યાત્રાળુઓ ઘાયલ થયા છે.ઉધમપુર સ્થિત ઈછ૭ઙ્ગ ૧૩૭ બટાલિયનના કરતાર સિંહે ઘટના વિશે જણાવ્યું કે કારમાં આઠ લોકો હતા, જેમાંથી પાંચ ઘાયલ થયા છે. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે અને તેમની હાલત સ્થિર છે.કરતાર સિંહે જણાવ્યું હતું કે અકસ્માત સાંજે લગભગ ૬:૧૩ વાગ્યે થયો હતો. અકસ્માતગ્રસ્ત કારનો નંબર પંજાબનો છે જ્યારે ટ્રકનો નંબર ઉત્તર પ્રદેશનો છે. કારમાં કુલ આઠ લોકો હતા, જેમાંથી પાંચ ઘાયલ થયા હતા. તમામ ઘાયલોની સારવાર ચાલુ છે.ગયા ગુરુવારે ભૂસ્ખલનને કારણે યાત્રા બંધ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે કાશ્મીરમાં ભારે વરસાદને કારણે સ્થગિત કરાયેલી અમરનાથ યાત્રા શુક્રવારે ફરી શરૂ થઈ છે. તેમણે જણાવ્યું હતું કે નુનવાન અને બાલતાલ બેઝ શિબિરોમાંથી યાત્રાળુઓનો એક નવો સમૂહ પવિત્ર ગુફા મંદિર માટે રવાના થયો.

## છત્તીસગઢમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના નિવાસ સ્થાને ઈડીના દરોડા

### ઈડીના દરોડાથી ગુસ્સે ભરાયેલા પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું -ભૂપેશ બઘેલ ન તો તૂટશે કે ન તો નમશે

રાયપુર, તા. ૧૮

છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના દરોડા પર મોટું નિવેદન આપ્યું છે. ભૂપેશ બઘેલે કહ્યું કે ઈડી-CBIનો ઉપયોગ વિપક્ષી નેતાઓને ડરાવવા અને તેમનો અવાજ દબાવવા માટે થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે તેઓ ગમે તેટલી તાકાત લગાવે, ભૂપેશ બઘેલ ન તો તૂટશે કે ન તો નમશે. આ સત્ય માટે લડાઈ છે. કથિત દારૂ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસની તપાસના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ



ડિરેક્ટોરેટે શુક્રવારે છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલના પરિસરમાં નવા દરોડા પાડ્યા હતા.

આ અંગે ભૂપેશ બઘેલે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે તેઓ એજન્સીને સંપૂર્ણ સહયોગ કરશે. તેમણે આરોપ લગાવ્યો કે, "એક તરફ, બિહારમાં ચૂંટણી પંચ દ્વારા મત કાપવામાં આવી રહ્યા છે અને લોકશાહી છીનવાઈ રહી છે. બીજી તરફ, વિપક્ષી નેતાઓને ડરાવવા અને દબાવવા માટે ઈડી-CBIનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. દેશના લોકોને ખબર પડી ગઈ છે." ઈડીના દરોડા અંગે ભૂપેશ બઘેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરી, "વિશ્વના કોઈપણ લોકશાહીમાં કોઈ પણ પીએમ નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ જેવી જન્મદિવસની ભેટ આપી શકે નહીં. મારા જન્મદિવસ પર, બંને નેતાઓએ મારા સલાહકાર અને બે OSD ના ઘરે ઈડી મોકલ્યું. હવે મારા પુત્ર ચૈતન્યના જન્મદિવસ પર, ઈડી ટીમ મારા ઘરે દરોડા પાડી રહી છે. આ ભેટો માટે આભાર. તેને જીવનભર યાદ રાખીશ."

આ પહેલા, ભૂપેશ બઘેલના કાર્યાલય દ્વારા ઈડીના દરોડા અંગે માહિતી આપવામાં આવી

અનુસંધાન પાના ૭ પર

## ઉત્તર પ્રદેશ-બિહારમાં ગંગા સહિતની નદીઓનું રૌદ્ર સ્વરૂપ

### પ્રયાગરાજ, વારાણસીમાં ઘાટો ડુબી ગયાઃ બિહારમાં ગામડાઓમાં નદીના પાણી ફરી વળ્યાં

નવી દિલ્હી, તા. ૧૮

ગુજરાત સહિતના રાજયોમાં ચોમાસુ ધીમુ પડયુ છે પરંતુ ઉતરભારતના રાજયોમાં કહેર વરસાવી રહ્યું છે. ભારે વરસાદ વચ્ચે ગંગા સહિતની નદીઓ ગાંડીતૂર બની છે. વારાણસી સહિતના શહેરોમાં તેના જળસ્તર ખતરનાક સ્તરને વટાવીને ગામડાઓમાં ઘુસતા આફતની હાલત સર્જાઈ છે.

ઉતરભારતના પંજાબ, ઉતરપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છતીસગઢ તથા ઝારખંડ સહિતના રાજયોમાં ભારે વરસાદથી ગંગા સહિતની નદીઓ ગાંડીતૂર થઈ છે. ઉતરપ્રદેશના પ્રયાગરાજ તથા વારાણસીમાં નદીઓના જળસ્તર વધતા સંખ્યાબંધ ઘાટો પણ પાણીમાં ડુબી ગયા છે.

બિહારમાં પટણા સહિતના ૨૦ જીલ્લામાં ગંગા તથા અન્ય નદીઓમાં પુર પરીસ્થિતિ સર્જાઈ છે. નદીઓના પાણી ગામડાઓમાં ઘુસીને મકાનો તથા ગામડાઓમાં ઘુસ્યા છે.

ઝારખંડ-બિહાર સિવાય અન્ય

અનુસંધાન પાના ૭ પર

## સંસદની રણનીતિ નક્કી કરવા કાલે ઈન્ડિયા ગઠબંધનની બેઠક

### કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેના નિવાસે બોલાવેલી બેઠક પર સૌની નજર

નવી દિલ્હી, તા. ૧૮

આગામી તા.૨૧થી ચોમાસા સુત્ર શરૂ થઈ રહ્યું છે અને તેમાં સરકાર તથા વિપક્ષ વચ્ચે ઓપરેશન સિંદૂરથી લઈને બિહારની મતદાર યાદી સહિતના મુદે જબરી ટકકર સર્જાવાની ધારણા છે અને વિપક્ષ દ્વારા ખાસ કરીને અમેરીકા સાથેના ટેરીફનો મુદો પણ ચગાવાશે.

તે સમયે હવે વિપક્ષની સંયુકત રણનીતિ નકકી કરવા આવતીકાલે 'ઈન્ડીયા ગઠબંધન'ની પ્રથમ બેઠક યોજાઈ રહી છે અને તેમાં સંસદમાં સંયુકત રણનીતિ અપનાવવાનો એજન્ડા નિશ્ચિત થશે.જો કે હાલમાં જ યોજાયેલી ધારાસભા ચૂંટણીઓમાં જે રીતે ઈન્ડીયા ગઠબંધનને સાથી પક્ષોએ એક બીજા સાથે ચૂંટણી લડી અને આ ગઠબંધન ફકત લોકસભા ચૂંટણી પૂરતુ મર્યાદીત હતુ તેવી અનેક સાથી પક્ષોની જાહેરાત વચ્ચે હવે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જુન ખડગેના આવાસ ખાતે વિપક્ષી નેતાઓ મળશે તેમાં કોણ કોણ હાજર રહે છે તેના પર સૌની નજર છે.

આ ગઠબંધનમાં કોંગ્રેસ ઉપરાંત શિવસેના (ઉધ્ધવ ઠાકરે) રા.જ.દ., સમાજવાદી પાર્ટી, એનસીપી (શરદ પવાર જુથ), ઉપરાંત ડાબેરી પક્ષો અને આમ આદમી પાર્ટી તેમજ નાના પક્ષો તેમજ તુણમુલ કોંગ્રેસનો એક સમયે સમાવેશ હતો પરંતુ હવે તેઓ આવતીકાલે એક સાથે દેખાશે કે કેમ તેના પર નજર છે.ખાસ કરીને બિહારની ચૂંટણીઓના સંદર્ભમાં ઈન્ડીયા ગઠબંધનના પક્ષોની કસોટી થનાર છે તે સમયે રાષ્ટ્રીય મુદાઓ પર તેઓ એક થઈ શકે છે

અનુસંધાન પાના ૭ પર

## ભારતીયો વિદેશી બાળકોને દત્તક લઈ શકે નહીં : હાઈકોર્ટ

### વિદેશી બાળકને દત્તાક લેવા સંદર્ભે બોમ્બે હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

મુંબઈ, તા. ૧૮

અમેરિકન સિટિઝનશિપ ધરાવતા બાળકને દત્તક લેવા બાબતે બોમ્બે હાઈકોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોઈ પણ ભારતીય નાગરિકને અમેરિકન સિટિઝનશિપ ધરાવતા બાળકને દત્તક લેવાનો મૂળભૂત અધિકાર નથી.

જો બાળકને કાળજી અને સુરક્ષાની જરૂર હોય અથવા કાયદાકીય વિખવાદ હોય એવા કેસ સિવાય સંબંધીઓ હોવા છતાં પણ આ અધિકાર મળતો નથી એમ. જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને નીલા ગોખલેની ખંડપીઠે, જણાવ્યું હતું.

જુવેનાઈલ જસ્ટિસ ઍક્ટ અને દત્તક લેવાના ભારતીય કાયદા મુજબ વિદેશી નાગરિકત્વ ધરાવતા બાળકને દત્તક લેવાનો અધિકાર ભારતીય નાગરિકને ત્યારે જ મળે છે જયારે બાળકને કાળજી અને સુરક્ષાની જરૂર હોય અથવા કાયદાકીય વિખવાદ હોય. આ બન્ને પરિસ્થિતિ સિવાય કોઈ સંબંધીને પણ વિદેશી નાગરિકત્વ ધરાવતા બાળકને દત્તક લેવાનો અધિકાર

અનુસંધાન પાના ૭ પર

## કોન્સ્ટિટયુશન કલબની ચૂંટણીમાં ભાજપના બે કદાવર નેતા સામે સામે

### મોદી- અમિત શાહ સહિત ૧૨૦૦ મતદારો તા. ૧૨ ઓગસ્ટે મતદાન કરશે

નવી દિલ્હી, તા. ૧૮

સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થવા જઈ રહ્યું છે. આ સત્ર ૨૧ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. આ વખતે આ સત્ર ખૂબ જ ખાસ બનવાનું છે. તેનું કારણ એક એવી ચૂંટણી છે જેમાં સંસદના ગલિયારાઓમાં શક્તિની કસોટી જોવા મળશે.

રસપ્રદ વાત એ છે કે આ ચૂંટણીમાં શાસક ભાજપના બે મોટા નેતાઓ એકબીજા સાથે સ્પર્ધા કરી રહ્યા છે. આ ચૂંટણી સંસદ ભવનથી થોડા પગલાં દૂર આવેલા કોન્સ્ટિટ્યુશન કલબ ઓફ ઈન્ડિયાના ગર્વનિંગ કાઉન્સિલના સેક્રેટરી (વહીવટ) પદ માટે છે.

ચાર વખત ભાજપના સાંસદ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી રાજીવ પ્રતાપ રૂડી છેલ્લા ૨૫ વર્ષથી આ પદ પર બિરાજમાન છે. આ વખતે તેમને કઠિન સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે અને તે પણ તેમની જ પાર્ટીના ભૂતપૂર્વ સાંસદ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સંજીવ બાલિયાન તરફથી. આ માટે મતદાન ૧૨ ઓગસ્ટે થશે.

પીએમ મોદી પણ આ ચૂંટણીમાં મતદાન કરશે. કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયામાં ૧૨૦૦ મતદાતાઓ છે. આમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વગેરેનો સમાવેશ થાય છે.

ભાજપ પ્રમુખ જેપી નડ્ડા અને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન લાલકૃષ્ણ અડવાણી સહિત અન્ય વરિષ્ઠ નેતાઓ પણ તેના સભ્યો અને મતદારો છે. બંને ગૃહોના સાંસદો કલબના સભ્ય બની શકે છે. કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધાયેલ એક બિન-સરકારી સંસ્થા છે.

અનુસંધાન પાના ૭ પર





# સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪માં સુરત શહેર સમગ્ર ભારતમાં સર્વોચ્ચ સ્થાને

## સ્વચ્છતા આપણા જીવનની આદત બનવી જોઈએ : કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ


સુરત, તા.૧૮

'સ્વચ્છ સર્વેક્ષણ- ૨૦૨૪' અંતર્ગત સુપર સ્વચ્છ લીગમાં દસ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોની શ્રેણીમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં દેશભરમાં સર્વોચ્ચ સ્થાન મેળવનાર સુરત મહાનગરપાલિકાને રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મૂર્મુના વરદહસ્તે એવોર્ડ એનાયત થયો છે. આ સિદ્ધિને ઉજવવા અને સ્વચ્છતા યોદ્ધાઓના સન્માન માટે ડુમસ-મગદલ્લા રોડ પર આવેલા વાય જંકશન ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ, નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી અને સુરત જિલ્લાના પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, મેયર શ્રી દક્ષેશ માવાણીની ઉપસ્થિતિમાં વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહાનુભાવોએ સ્વચ્છતા યોદ્ધાઓને ફૂલોથી વધાવી સન્માનિત કર્યા હતા તેમજ શ્રમયોગી સફાઈ કર્મચારીઓને મીઠું મોં કરાવી આ સિદ્ધિની ઉજવણી કરી હતી. સફાઈ કર્મચારીઓને અભિનંદન આપતાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, શહેરના નાગરિકોએ સ્વચ્છતાની તમામ માર્ગદર્શિકાઓનું પાલન કરી સફળતા મેળવી છે. ગાંધીજીએ સ્વતંત્રતા આંદોલનની સાથોસાથ દેશવાસીઓમાં સ્વચ્છતા જાગૃતિના આગ્રહી રહ્યા હતા. ગાંધીજીના સ્વચ્છ ભારતના સપનાને પૂર્ણ કરવા વડાપ્રધાનશ્રીએ કમર કસી છે. સુરતની સ્વચ્છતા જાળવી રાખવી એ આપણી નૈતિક ફરજ બને છે. સ્વચ્છતા આપણા જીવનની આદત બની જવી જોઈએ. આજે મળેલી સિદ્ધિ માત્ર એક પડાવ નથી, પણ સતત જાગૃતિ અને પ્રેરણા છે. ઘન કચરાના વ્યવસ્થાપનમાં સુરત અન્ય શહેરો માટે પ્રેરણાસ્ત્રોત બનશે એમ જણાવી સુરત મનપા, અધિકારીઓ, પદાધિકારીઓ, તમામ કર્મચારીઓ અને વિશેષતઃ સુરતને સ્વચ્છ, સુઘડ રાખવામાં જેમનું સરાહનીય યોગદાન છે એવા સફાઈ કર્મચારીઓને મંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતાં નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સુરતને 'ખૂબસુરત' બનાવવામાં સફાઈ કર્મચારીઓનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ છે. ૨૦૧૪માં વડાપ્રધાનશ્રીએ મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા સપનાને સાકાર કરવા સ્વચ્છ ભારત અભિયાન શરૂ કર્યું અને આજે સુરત એ દિશામાં એક અગ્રણી ઉદાહરણ બનીને ઉભર્યું છે. શહેરે તમામ પરિસ્થિતિઓમાં સૌથી સ્વચ્છ શહેર બનવાની ક્ષમતા સાબિત કરી છે. સુરતીઓનો સહયોગ અને સમજદારી આ સફળતાના મૂળમાં છે.

મેયર શ્રી દક્ષેશ મવાણીએ સુરતની સ્વચ્છતા સિદ્ધિનો શ્રેય શહેરીજનોને આપતા જણાવ્યું હતું કે, શહેરની તમામ માતા-બહેનોએ પોતાના ઘરમાંથી શરૂ થતા સ્વચ્છતાની જ્યોત અને સંસ્કારને જીવંત રાખ્યા છે અને ઘર, શેરી-મહોલ્લાને કચરામુક્ત બનાવવાના કાર્યમાં પ્રત્યેક દિવસે પોતાનું નાનકડું યોગદાન આપે છે.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી મનુભાઈ પટેલ, પ્રવિણભાઈ ઘોઘારી, ડે. મેયર ડૉ.નરેન્દ્ર પાટીલ, મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ, પો. કમિશનર અનુપમસિંહ ગહલૌત, મનપા કર્મચારીઓ ,સફાઈ કર્મચારીઓ સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# બેગલાઇનનું નવા સ્ટોર સાથે સુરતમાં આગમન






## પ્રવાસ અને લાઇફસ્ટાઇલ બ્રાન્ડ્સની વિશિષ્ટ શ્રેણી હવે શહેરમાં ઉપલબ્ધ

સુરત, તા.૧૮

પ્રીમિયમ ટ્રાવેલ અને લાઈફસ્ટાઈલ રિટેલ જગતમાં અગ્રેસર બ્રાન્ડ કન્સેપ્ટ્સ લિમિટેડે સુરતમાં નવા બેગલાઈન સ્ટોરનું ભવ્ય ઉદ્ઘાટન કર્યું છે. શહેરના જીવંત સિટી લાઈટ વિસ્તારની યૂએમ રોડ પર આવેલ નજીક આ સ્ટોર સુવિધાજનક લોકેશન પર સ્થાપિત કરવામાં આવ્યું છે. નવી દુકાન શહેરના વાસ્તવિક શોપિંગ રસિકો માટે એક ઉન્નત ખરીદી અનુભવ લાવશે અને તેમનાં પ્રવાસ અને જીવનશૈલી સંબંધિત જરૂરિયાતો માટે પસંદગીની બ્રાન્ડ્સનું વિશાળ શ્રેણી પ્રદાન કરશે.

તમે અંદર પ્રવેશ કરો છો તે ક્ષણથી, નવો બેગલાઈન સ્ટોર એક સામાન્ય રિટેલ આઉટલેટ જેવો ઓછો અને વિચારપૂર્વક તૈયાર કરાયેલ ફેશન ડેસ્ટિનેશન જેવો વધુ લાગે છે. આજના શહેરી પ્રવાસીઓ અને સ્ટાઈલના શોખીનો માટે રચાયેલ, આ સ્ટોરમાં સમકાલીન આંતરિક વસ્તુઓ અને સાહજિક ઉત્પાદન પ્રદર્શનો છે જે બ્રાઉઝિંગને સરળ અને પ્રેરણાદાયક બનાવે છે. આ નવા સ્થાનના કેન્દ્રમાં વૈશ્વિક સ્તરે પ્રખ્યાત બ્રાન્ડ્સ જ્યુસી કોચર, ટોમી હિલફિગર ટ્રાવેલ ગિયર અને યુનાઈટેડ કલર્સ ઓફ બેનેટન (યુસીબી) ના ઉત્પાદનોની પ્રીમિયમ પસંદગી છે.

# એનટીપીસીના પ્રોજેક્ટ હેડનો ચાર્જ સંભાળતા અનિલ શંકર શરણ

સુરત, તા.૧૮

શ્રી અનિલ શંકર શરણ, ચીફ જનરલ મેનેજર (CGM) એ ૧૭ જુલાઈ ૨૦૨૫ ના રોજ NTPC કાવાસના પ્રોજેક્ટ હેડ તરીકે કાર્યભાર સંભાળ્યો. આ પહેલા, તેઓ NTPC સિપટમાં CGM તરીકે કાર્યરત હતા. NTPCમાં સાડા પાંત્રીસ વર્ષથી વધુની કારકિર્દીમાં, તેમણે એક મજબૂત નેતા તરીકે ઘણા મહત્વપૂર્ણ હોદ્દા સંભાળ્યા છે. BIT સિંદ્રીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતક, શ્રી શરણએ વર્ષ ૧૯૮૯ માં NTPCમાં ટ્રેની એક્ઝિક્યુટિવ તરીકે તેમની સેવા શરૂ કરી હતી.



તેમણે જાળવણી આયોજન, બળતણ સંચાલન, કામગીરી, રાખ સંચાલન, બળતણ વ્યવસ્થાપન અને સંચાલન અને જાળવણી જેવા ઘણા મહત્વપૂર્ણ વિભાગોમાં કામ કર્યું છે. તેમની શાનદાર કારકિર્દીમાં, તેમણે NTPCના કોરબા, વિંધ્યાચલ (ભારતનો સૌથી મોટો થર્મલ પાવર પ્લાન્ટ) અને સિપટ પ્રોજેક્ટ્સમાં મજબૂત ભૂમિકાઓ ભજવી છે. કાર્યભાર સંભાળ્યાના પ્રસંગે, તમામ વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રી શરણને કાવાસ ગેસ પાવર પ્રોજેક્ટના પ્રોજેક્ટ હેડ તરીકેની નવી જવાબદારી સંભાળવા બદલ અભિનંદન આપ્યા અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમના વિશાળ અનુભવ અને વ્યૂહાત્મક દ્રષ્ટિકોણથી, NTPC કાવાસ આગામી સમયમાં કાર્યકારી કાર્યક્ષમતા અને ટકાઉ વિકાસની નવી ઊંચાઈઓને સ્પર્શ કરશે.

# સુરત જિલ્લામાં ૯૯ જેટલા માઇનોર તથા મેજર બ્રિજોની ચકાસણી પુર્ણ

## ત્રણ બ્રિજોને ભારે વાહનો માટે બંધ કરાયા

સુરત, તા.૧૮

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના આદેશ અનુસાર સુરત જિલ્લાના તમામ મેજર તથા માઈનોર બ્રિજોનું ઈન્સ્પેક્શનની કામગીરી પુર્ણ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે સુરત જિલ્લામાં છેલ્લા સપ્તાહ દરિયાન માર્ગ અને મકાન વિભાગ-૨ સ્ટેટ હસ્તકના ૯૩ બ્રિજો પૈકી ૪૨ જેટલા મેજર તથા ૫૧ માઈનોર બ્રિજોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં અરેઠ-બૌધાન-ધલા-કરજણ રસ્તા આવેલા બ્રિજ તથા ગલતેશ્વર-ટીબા-શામપુરા-બારડોલી પર આવેલ બ્રીજ તેમજ મહુવા-અનાવલ રોડ પરનો બ્રીજને ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યા છે. જયારે માર્ગ અને મકાન વિભાગ-૧ હસ્તકના પાંચ માઈનોર તથા એક મેજર મળી કુલ છ બ્રિજની ચકાસણી પુર્ણ કરવામાં આવી છે. આ કવાયતના ભાગરૂપે ઓલપાડ તાલુકાના માસમા ખાડી ઉપર વર્ષ ૨૦૦૪માં નિર્મિત મેજર બ્રિજનું નિરીક્ષણ સુરત માર્ગ અને મકાન વર્તુળના અધિક્ષક ઈજનેરશ્રી એ.જી.વસાવાએ કર્યું હતુ. તેમણે બ્રિજની માળખાગત સ્થિતિ તેમજ સુરક્ષા મુદ્દાઓ અંગે વિસ્તૃત વિઝ્યુઅલ ઈન્સ્પેક્શન હાથ ધર્યું હતું. નિરીક્ષણ દરમિયાન બ્રિજના વોટર સ્પાઉટ, ક્રેશ બેરિયર, તેમજ એપ્રોચના એમ્બેકમેન્ટનો પણ અવલોકન કરવામાં આવ્યું હતું. અધિક્ષક ઈજનેરે બ્રિજના સબ સ્ટ્રક્ચર અને સુપર સ્ટ્રક્ચરના સ્ટ્રક્ચરલ મેમ્બરોનું વિશ્લેષણ કરીને જણાવ્યું કે, બ્રિજમાં સ્પોલિંગ, સ્ટીલ કોરોશન, હની કોમ્બિંગ કે લિચિંગ જેવી કોઈ માળખાગત ખામીઓ દેખાઈ આવી નથી. અધિક્ષક ઈજનેર એ.જી. વસાવાએ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સાહોલ-માસમા ખાડી બ્રિજનું નિરીક્ષણ કરતા કહ્યું કે, આ ખાડી બ્રિજ વર્ષ ૨૦૦૪માં નિર્માણ પામ્યો હતો. બ્રિજનું સુપર સ્ટ્રક્ચર સોલિડ સ્પેબથી નિર્માણ પામ્યો છે. છ ગાળાના ૧૦.૫ મીટરના પુલનું વિઝ્યુઅલ અવલોકન શ્રેષ્ઠ હોવાથી તેનો ઉપયોગ વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે સલામત છે. અને બ્રિજનું સ્ટ્રક્ચર સારી સ્થિતિમાં હોવાનું તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સુરત

અનુસંધાન પાના ૭ પર

# ઊંચાબેડા પાસે વાહને અડફેટે લેતાં ઘેજ ગામના દંપતીનું મોત

## રસ્તો ક્રોસ કરતી વેળા બેફામ ધસી આવેલા કારના ચાલકે દંપતીને ફંગોળ્યું

ખેરગામ, તા.૧૮

ખેરગામ-ચીખલી રોડ પર વાડ ગામના ઊંચાબેડા નજીક થાર ગાડીના ચાલકે બેફામ વાહન ચલાવતાં ઘેજ ગામના મોપેડસવાર દંપતીને અડફેટે લેતાં બંનેનાં મોત થયાં હતાં. મળતી માહિતી અનુસાર ચીખલીના ઘેજ ગામના રહેવાસી જિજ્ઞેશભાઈ પટેલના પિતા રતિલાલભાઈ (ઉ.વ.૬૧) અને માતા કંચનબેન (ઉ.વ.૫૬) મોપેડ નં.(gj ૨૧એલ ૨૭૭૫) ઉપર રસ્તો ક્રોસ કરી રહ્યાં હતાં. ત્યારે ખેરગામથી ચીખલી તરફ જતા માર્ગ પર વાડગામના ઊંચા બેડા નહેર પાસે MH-૧૪-KF-૬૬૬૨ નંબરની થાર કારનો ચાલક પૂરઝડપે ધસી આવ્યો હતો.અને મોપેડ સવાર દંપતીને અડફેટે લીધું હતું.આ બનાવમાં રતિલાલભાઈનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.જ્યારે કંચનબેનને ગંભીર ઈજા સાથે હોસ્પિટલ લઈ જવાયા હતાં. જ્યા તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતાં.આ બનાવની જાણ થતાની સાથે જ ખેરગામ પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ શરૂ કરી હતી. થાર કારનો ચાલક અકસ્માત બાદ ફરાર થઈ ગયો હતો.આ ઘટનાની વધુ તપાસ ખેરગામ પોલીસમથકના પી.આઈ. પી.ડી.ચૌધરી કરી રહ્યા છે.

# ચેમ્બર દ્વારા સરસાણા ખાતે વિવનીટ પ્રદર્શનનો ભવ્ય આરંભ

## વોટર રિપેલન્ટ, એન્ટિ માઈક્રોબાયલ અને ફાયર રિટારડન્ટનું પ્રદર્શન કરવામાં આવ્યું

સુરત, તા.૧૮

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૧૮ થી ૨૦ જુલાઈ ૨૦૨૫ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'વિવનીટ એક્ઝીબીશન– ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ એક્ઝીબીશન ચેમ્બર ઓફ કોમર્સનું અતિ મહત્વકાંક્ષી પ્રદર્શન છે, જેનો પ્રમુખ ઉદ્દેશ શહેરના વિવિંગ, નીટિંગ, નેરો ફેબ્રિક્સ અને ટેકનિકલ ટેક્ષ્ટાઈલ જેવા ઉદ્યોગોને એક નવી દિશા અને ગતિ આપવાનો છે. ચેમ્બર દ્વારા 'વિવનીટ એક્ઝીબીશન' થકી યાર્નમાંથી કાપડ બનાવતા સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિવર્સ, નીટર્સ, ટેકનિકલ ટેક્ષ્ટાઈલ્સ અને ફેબ્રિક મેન્યુફેક્ચરર્સને બીટુબી પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે. આ એક્ઝીબીશનને મળેલી સફળતાને પગલે આ વર્ષે વિવનીટ એક્ઝીબીશનનું ચોથું એડીશન યોજાઈ રહયું છે. વિવનીટ એક્ઝીબીશનમાં હોસ્પિટલ કર્ટેન્સ (વોટર રિપેલન્ટ, એન્ટિ માઈક્રોબાયલ અને ફાયર રિટારડન્ટ)નું પ્રદર્શન કરવામાં આવ્યું છે. સુરતમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં અને ઓછા મેન્યુફેક્ચરર્સ દ્વારા આ પ્રોડકટ બનાવવામાં આવે છે. આ ઉપરાંત શાવર કર્ટેન્સ, ડ્રેપરીઝ બ્લેક–આઉટ અને વ્હાઈટ–આઉટ ફેબ્રિક, માઈક્રો ફાઈબર પોલિએસ્ટર ફેબ્રિક, માઈક્રો

અનુસંધાન પાના ૭ પર




ધી સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ઈન્ડસ્ટ્રીના રિયલ એસ્ટેટ કમિટિના કો ચેરમેન પદે કાંતિભાઈ રાંદેરિયાની નિમણુક કરવા સાથે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

# નીતિમત્તા, કોઠાસૂઝ અને સમજણ સફળ જીવનનો આધાર છે. : થર્સ-ડે થોર્ટ




## AI ક્યારેય કોઠા સૂઝથી, આગળ વધી શકે નહિ. : ચંદુભાઈ કોઠીયા

સુરત, તા.૧૮

સુખી અને સફળ જીવનની દિશા આપવા માટે શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી દર ગુરુવારે હેલ્થ, વેલ્થ અને હેપીનેસને કેન્દ્રમાં રાખી વિચારોનું વાવેતર કરવામાં આવે છે. તારીખ ૧૭-૦૭-૨૦૨૫ ના રોજ વરાછા બેંક ઓડિટોરિયમ ખાતે યોજાયેલા ૧૧૯ માં થર્સ-ડે થોર્ટ કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, પ્રગતિશીલ વિચારો જ સફળ જીવનની દિશા આપે છે. ધંધા વ્યવસાય કે જીવનમાં પ્રશ્નોનો કોઈ ઉપાય ન મળે ત્યારે અંતરમનમાં જે સુઝે છે એટલે કે મનમાં આઈડીયા આવે છે તે કોઠા સુઝ છે. કોઠા સુઝ એટલે ઈનર પાવર અને અંતરમનની શક્તિ છે. વિકટ પરિસ્થિતિમાં ભણતર કે ટેકનોલોજી કામ ન આવે ત્યારે આપણું મન આપણને રસ્તો દેખાડે છે. તેને અંતર મનની શક્તિ કહેવાય છે.

અનુસંધાન પાના ૭ પર




# સ્કેટમાં એન્ટી-રેગિંગ અંગે જાગૃતિ પ્રવચન વ્યાખ્યાન

## નવા વિદ્યાર્થીઓ માટે રેગિંગ વિરોધી કાયદા અંગે છણાવટ

સુરત, તા.૧૮

આજના સમયમાં રેગિંગ સામેના કાયદાઓ અત્યંત કડક બનેલા છે અને સરકાર પણ આ મુદ્દે સખત વલણ અપનાવે છે. સાર્વજનિક કોલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (જીઝઈ), સુરત હંમેશા રેગિંગના મુદ્દે ગંભીર રહી છે અને વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત અને સહકારપૂર્ણ માહોલ સર્જવાનો સતત પ્રયાસ કરતી રહી છે. આ દૃષ્ટિએ, પ્રથમ વર્ષના નવા પ્રવેશિત વિદ્યાર્થીઓને રેગિંગ સામેના કાયદાકીય માપદંડો તથા તેના ગંભીર પરિણામોની માહિતી આપવા એન્ટી-રેગિંગ માહિતી સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. એન્ટી-રેગિંગ કમિટી દ્વારા વિદ્યાર્થીઓને રેગિંગના અર્થ, તેના કાયદાસભર પરિણામો તથા યુજીસી અને સરકારની માર્ગદર્શિકા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓએ પણ સત્ર દરમિયાન જાગૃત દૃષ્ટિકોણ દર્શાવ્યો. SCETની આ પહેલ રેગિંગ સામે જાગૃત અને જવાબદાર ભવિષ્ય ઘડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

# ગડખોલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન શિબિર

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વરના ગડખોલ ગામ ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વખતે દાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. અંકલેશ્વરના ગડખોલ ગામ ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વખતે દાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. ભરૂચ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાઓને આયુષ બ્લડ બેન્કના સહયોગથી અંકલેશ્વર તાલુકાના ગડખોલ ગામ ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તરત તે દાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું આ પ્રસંગે ભરૂચ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ ગ્રામજનો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા રક્તદાન એ જ મહાદનને સાર્થક

અનુસંધાન પાના ૭ પર




# ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે નોટબુકનું વિતરણ

સુરત, તા.૧૮

ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જિલ્લા બાળ સંરક્ષણ મંડળ સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ ખાતે બાળકોને વિનામૂલ્યે નોટબુક વિતરણ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં વૈશાલી ચંદેલ અમિતા રાણા નીતા બાર શાખવાલા કૈલાશ રાણા સોનલ રાણા તેમજ ચિલ્ડ્રન હોમ ના શ્રી મનુભાઈ ભટ્ટ ઉપસ્થિત રહી બાળકોને નોટબુકનું વિતરણ કર્યું હતું

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને માંડવી ખાતે તા.૯ ઓગષ્ટ-વિશ્વ આદિવાસી દિનની રાજ્યકક્ષાની ઉજવણી

સુરત, તા.૧૮

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને માંડવી ખાતે તા.૯ ઓગષ્ટ-વિશ્વ આદિવાસી દિનની રાજ્યકક્ષાની ઉજવણી થશે. જે સંદર્ભે આદિજાતિ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને માંડવી તાલુકા પંચાયત ખાતે વિશ્વ આદિવાસી દિનની ઉજવણીના આયોજન અને પૂર્વતૈયારી અંગે બેઠક યોજાઈ હતી. બેઠકમાં સાંસદ પ્રભુભાઈ

## માંડવી ખાતે વિશ્વ આદિવાસી દિનની ઉજવણીના આયોજન અને પૂર્વતૈયારી અંગે બેઠક યોજાઇ

વસાવા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં આદિજાતિ મંત્રીશ્રીએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં માંડવી નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે થનારી વિશ્વ આદિવાસી દિનની ઉજવણીની પૂર્વતૈયારીઓની સમીક્ષા કરી હતી. વિવિધ વહીવટી વિભાગોને વીજળી, પાણી, પોલીસ વ્યવસ્થા સહિતની મૂળભૂત સુવિધાઓ ઊભી કરવા જણાવ્યું હતું. પારંપરિક આદિજાતિ નૃત્યો, રીત રિવાજો સાથે વિવિધ આદિજાતિ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભ અને કીટ વિતરણ, મુખ્યમંત્રીશ્રીના હસ્તે નવનિર્મિત પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવશે. સાથોસાથ આદિવાસી બહેનો દ્વારા મુખ્યમંત્રીશ્રીને રાખડી બાંધી રક્ષાબંધનના પવિત્ર તહેવારને પણ એ દિવસે આવરી લેવાનું આયોજન હોવાનું જણાવ્યું હતું. વધુમાં મંત્રીશ્રીએ સુરત, તાપી અને ડાંગ સહિતના આદિજાતિ વસ્તી ધરાવતા વિવિધ જિલ્લા-તાલુકા-ગામોમાંથી મહત્તમ આદિજાતિ બંધુઓને સામેલ કરી આદિવાસી અસ્મિતા ગૌરવગાન સાથે આદિજાતિ દિવસની ઉજવણી કરવા સૂચન કર્યું હતું. આ પ્રસંગે પ્રાયોજના વહીવટદારશ્રી સુનીલ, પ્રાંત અધિકારીશ્રી કૌશિક જાદવ, તા.વિ.અધિકારીશ્રી રવિન્દ્રસિંહ, નાયબ ડીડીઓશ્રી(મહેસૂલ) પિયુષ પટેલ, મામલતદારશ્રી, વિવિધ વિભાગોના કર્મચારી/અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ટેટૂ ને પિર્યસિંગ છે ટ્રેન્ડમાં

આજકાલ ટેટૂ અને પિયર્સિંગ ખૂબ જ કોમન છે. ટીનએજર, એડલ્ટ અને ૫૦ વર્ષની ઉપરની મહિલાઓ પણ ટેટૂ અને પિર્યસિંગ કરાવે છે. આનાથી એક ટ્રેન્ડી લુક આવે છે. હવે તો કાર્યસ્થળ પર પણ ટેટૂ અને પિયર્સિંગ ચાલે છે. આજકાલ સોશિયલ મીડિયા પર અલગ અલગ જાતના ટેટૂ અને ખાસ કરીને પિર્યસિંગ લોકોને આકર્ષિત કરી રહ્યાં છે. આ બધાને જોઈ માત્ર એક જ વિચાર આવે કે, આટલાં બધાં ટેટૂ અને પિર્યસિંગ સાથે આ લોકો એક સામાન્ય જીવન કઈ રીતે જીવી શકતા હશે. જો તમારે પણ ટેટૂ અને પિર્યસિંગ કરાવવું હોય તો થોડી વાતોનું ધ્યાન રાખવું પડશે. જેમકે,





જો તમે ટેટૂ કે પિર્યસિંગ કરાવવાનું વિચારી રહ્યા હોવ તો એવી જગ્યા ગોતવી કે જેની કિંમત રિઝનેબલ હોય અને જેનું ખૂબ જ નામ હોય. સ્ટૂડિયો ચોખ્ખો હોવો જોઈએ. ટેટૂ બનાવવાવાળો એવો હોવો જોઈએ કે તમને શું જોઈએ છે તે સમજી શકે અને તે અનુસાર આપને સલાહ આપી શકે. તમારા બીજા મિત્રો જેમણે ટેટૂ કે પિર્યસિંગ કર્યુ છે તેઓ પાસેથી આ ક્રિયાનો અભિપ્રાય જાણી લેવો.

ટેટૂ કરાવતા પહેલાં તમારે કઈ ડિઝાઈન ક્યાં કરાવવી છે તે પહેલાં સમજાવી દેવું. જો તમને ખ્યાલ ન આવતો હોય તો આર્ટિસ્ટ પાસે સમજી લેવું. જો તમે કોઈ ડિઝાઈન સિલેક્ટ કરી રાખી હોય તો તમે તેનો ફોટો પણ બતાવી શકો.

આ એક પીડાદાયક પ્રક્રિયા હોય છે અને આને બનાવવામાં ઘણો સમય પણ લાગે છે. જો તમે હોઠ કે જીભ પર ટેટૂ કે પિયર્સિંગ કરાવવા માંગો છો તો સરખું ખાઈને જવું કારણકે આ કરાવ્યા પછી તમને મોઢામાં દુખશે. ટેટૂ બનાવતા પહેલાં કોઈ પણ જાતનો નશો ન કરવો જેનાથી તમને નુકશાન પહોંચી શકે.

-ટેટૂ અથવા પિર્યસિંગ એક લાંબી પ્રક્રિયા હોય છે. કઈ ડિઝાઈન પૂરી થવામાં કેટલો સમય લાગશે તે ટેટૂની ડિઝાઈન પર આધાર રાખે છે. ટેટૂ કરાવતા વખતે તમે કઈ રીતે તમારું ધ્યાન બીજી બાજુ રાખી શકો તે વિચારી લેવું જેથી આર્ટિસ્ટ પણ હેરાન ન થાય.

આ દરમિયાન દર્દ અને કમજોરી લાગે છે. પિર્યસિંગ તો તમને સ્વાસ્થ્ય પર ભારી પણ પડી શકે. ઘણીવાર દર્દ સહન ન થતાં બેહોશ પણ થઈ જવાય છે. તેથી જ ટેટૂ બનાવતા વખતે કોઈને સાથે રાખવું જેથી તમારી તબિયત બગડે તો તમારી સંભાળ માટે કોઈ હોવું જોઈએ.

પિર્યસિંગ પછી બ્લડ શુગર લેવલ ઘટી જાય છે અને શુગર લેવલ સ્થિર કરવું ખૂબ જ જરૂરી છે. તેથી જ આ પ્રક્રિયા પછી હાઈડ્રેટ રહેવું ખૂબ જ જરૂરી છે. ટેટૂ આર્ટિસ્ટ ટેટૂ બનાવવાના એક અઠવાડિયાં પહેલા જ વધારે પાણી પીવાની સલાહ આપે છે તેથી ત્વચામાં નમી જળવાઈ રહે જેથી ટેટૂની ડિઝાઈન અને સ્યાહી ત્વચાની અંદર સુધી જઈ શકે.

પિર્યસિંગ કરાવ્યા પછી તે ભાગને અડવું નહી. તે ભાગને કોઈ એંટીસેપ્ટિક દવા કે હુંફાળા પાણીથી અથવા તો મીઠાવાળા પાણીથી ધોવું જોઈએ. ટેટૂ આર્ટિસ્ટ જે પણ સલાહ આપે તેના પર પૂરું અમલ કરવું જોઈએ. તરત નહાવું નહી. જે ભાગ પર પિર્યસિંગ કરાવ્યું હોય તે ભાગનું ખાસ ધ્યાન રાખવું.

ટેટૂ કરાવ્યા બાદ થોડા સમય માટે તેને પટ્ટીથી બાંધી રાખવું. તેની પર પાણી ન પડે તેનું ખાસ ધ્યાન રાખવું. ટેટૂ કરાવ્યા બાદ તે ભાગ પર ખંજવાળ આવે છે. જે દવા આપી હોય તે લગાડવી જેથી ખંજવાળ ન આવે. કદાચ ચામડી નીકળી પણ શકે છે તો મુંઝાવું નહી , તેની પર નવી ચામડી આવી જ જશે.

# જો અર્થવ્યવસ્થા વધી રહી છે તો રોજગાર કેમ નથી વધી રહ્યા?

## જો ભારતમાં રોજગારનું સંકટ ઘણાં આકરાં કારણોને આધારિત સતત કઠિન થઈ રહ્યું છે, જેમાં સૌથી મોટું કારણ તો દેશમાં વસ્તીનો વધારો થઈ રહ્યો છે.

હાલમાં જ ભારતીય અર્થવ્યવસ્થા દુનિયાની ટોપમોસ્ટ પાંચમા સ્થાનેથી એક પગથિયું ઉપર ચડી ચોથા સ્થાન પર આવી ગઈ છે. આ એક ખૂબ જ મોટી સફળતા છે. આ જ સમયે આપણે જોઈએ તો ભારતનો વાર્ષિક વિકાસ દર પણ દુનિયામાં સૌથી ઝડપી છે. સાલ ૨૦૨૪-૨૫માં ભારતની વાર્ષિક જીડીપી વિકાસ દર ૬.૫ રહેલ છે. જ્યારે વિશ્વ બેંક અને સંયુક્ત રાષ્ટ્રનું અનુમાન છે કે, ગયા વર્ષે ૨૦૨૫-૨૬માં ભારતનો વિકાસ દર ૬.૩ રહેશે અને ભારતીય રિઝર્વ બેંકનું અનુમાન ૬.૫ ટકા વિકાસ દરનો છે. કુલ મળીને ભારતીય અર્થવ્યવસ્થા અત્યારે વૈશ્વિક અર્થવ્યવસ્થાઓના પરિદૃશ્ય સૌથી ઝડપી વિકાસવાળી અર્થવ્યવસ્થા બની છે, તો પણ એવું કયું કારણ છે કે, બેરોજગારીનું સંકટ ઓછું જ નથી થતું? સરકારી આંકડાને આધારિત તો ભારતમાં બેરોજગારી એપ્રિલ ૨૦૨૫માં ૫.૧ ટકા હતી, પરંતુ સીએમઆઈઈ જેવી પ્રાઈવેટ એજન્સીઓને આધારિત આ દર ૮ ટકાથી પણ વધારે છે, જેમાં શહેરોમાં રહેતા પુરુષોનો બેરોજગારીનો દર ૧૭.૨ ટકા અને ગ્રામીણ પુરુષોની બેરોજગારી ૧૨.૩ ટકા છે. જ્યારે ઓવરઓલ ભારતમાં ૧૫ થી ૨૯ વર્ષના યુવા પુરુષો વચ્ચે બેરોજગારીનો દર ૧૩.૦૮ ટકા અને આ જ ઉંમરની મહિલાઓની પણ ૧૪.૪ ટકા છે કે જે બહુ મોટી સમસ્યા છે. સવાલ એ છે કે, જ્યારે ભારતનો વાર્ષિક વિકાસ દર દુનિયામાં સૌથી ઝડપી છે, આર્થિક વિકાસ દર પણ પાંચમા સ્થાનેથી ચોથા સ્થાન પર પહોંચવાની સફર પૂરી કરી છે તો શા માટે બેરોજગારી ઘટી નથી રહી , શા માટે આ બેરોજગારીનું સંકટ આટલું મોટું છે ?

જો ભારતમાં રોજગારનું સંકટ ઘણાં આકરાં કારણોને આધારિત સતત કઠિન થઈ રહ્યું છે, જેમાં સૌથી મોટું કારણ તો દેશમાં વસ્તીનો વધારો થઈ રહ્યો છે. દુનિયાના ૮ વિકસિત દેશોમાં જેટલા રોજગાર ઈચ્છનારા યુવકો એક વર્ષમાં તૈયાર થતા હોય તેનાથી બમણા યુવકોને રોજગાર જોઈતું હોય છે. ભારતમાં દર વર્ષે દોઢ થી પોણા બે કરોડ યુવાનો રોજગાર માટે તૈયાર હોય છે,જ્યારે આપણે ત્યાં આખા વર્ષમાં ૫૦ લાખ રોજગાર પણ વિકસિત થતા નથી. વાસ્તવમાં આપણે ત્યાં નોકરી ઈચ્છુકોની સંખ્યા વધારે છે અને નોકરીઓ ઓછી છે. બીજું સૌથી મોટું કારણ કુશળ અને અકુશળ બેરોજગારીની સમસ્યા. ભારતમાં દર વર્ષે નોકરી ઈચ્છુકોની ફોજ તૈયાર થાય છે, એમાંથી ૬૦ થી ૭૦ ટકા એવા યુવાન હોય છે કે જે કોઈપણ ક્ષેત્રમાં પારંગત નથી હોતા. આમ જોઈએ તો તેમને માત્ર રોજગારની જ પડી હોય છે, બીજા શબ્દમાં કહીએ તો તેઓની માત્ર મજૂરની જ લાયકાત હોય છે. જ્યારે દેશમાં દર વર્ષે ૪૦ થી ૫૦ લાખ સુધી અલગ અલગ ટેકનિકલ ક્ષેત્રોમાં રોજગાર ઊભા થાય છે, જેથી આ ક્ષેત્રોમાં કુશળ કામદારોની જરૂર પડતી હોય છે, પરંતુ આપણે ત્યાં તે નથી મળતા.

પરંતુ આના સિવાય એવાં કારણો પણ છે જેની પર નીતિગત રીતે નિયંત્રણ થઈ શકે છે. જેમકે દેશમાં ઝડપથી ઓટોમેશન વધી રહ્યું છે, આર્ટિફિશિયલ ઈંટેલીજંસનો ઉપયોગ ખૂબ ઝડપથી લોકોની નોકરી છીનવી રહી છે. વિવિધ કારખાના, બેંકો વગેરેમાં જો પ્રાથમિક સ્તરના કર્મચારી આજ થી દસ વર્ષ પહેલા હતા, જેમકે ટેલિફોન ઓપરેટર, ટાઈપિસ્ટ, ચેક કલેક્ટ કરવાવાળા અને અલગ અલગ દસ્તાવેજોને ચેક કરવાવાળા, રોબોટે આ બધાની જગ્યા લઈ લીધી છે. હવે બેંકમાં કે કોઈ સુપર માર્કેટમાં ટાઈપિસ્ટની જરૂર નથી પડતી, બધું જ ઓટોમેટીક થઈ જાય છે. કોઈ પણ બેંકમાં ચેક લેવા માટે, દસ્તાવેજો પર સહી કરવા માટે હવે કર્મચારીઓ બચ્યા નથી, બધા જ કામ મશીન કરી રહી છે, આ કારણે પણ બેરોજગારી વધી રહી છે. બેરોજગારીનું સૌથી મોટું કારણ એ પણ છે કે, આપણા દેશની જરૂરતથી વધુ જનસંખ્યા ખેતી પર નિર્ભર છે. ભારતની લગભગ ૪૦ થી ૫૦ ટકા જનસંખ્યા આજે પણ ખેતી પર નિર્ભર છે, જ્યારે ઘરેલુ ઉત્પાદનમાં ખેતીનું યોગદાન માત્ર ૧૬ થી ૧૮ ટકાની વચ્ચે જ છે. ખરેખર તો કૃષિમાં જેટલા લોકો કામ કરી રહ્યા છે તેટલા લોકોની જરૂરત પણ નથી. કોઈ કામ ન મળવાને કારણે કે કોઈ મજબૂરીને લીધે આટલી બહોળી સંખ્યોમાં લોકો ખેતીમાં જોડાણા છે.

અહી બેરોજગારીનું એક મોટું કારણ સ્ત્રીઓ માટે રોજગારના મર્યાદિત અવસરો પણ છે. આજે પણ ભારતની મહિલાઓની માત્ર ૨૦ ટકા રોજગારમાં ભાગીદારી છે, જે વૈશ્વિક સરેરાશને મુકાબલે બહુ ઓછી છે. મહિલાઓ માટે સુરક્ષિત

કાર્યસ્થળ, સમાન પગાર અને તકના અભાવને કારણે જેટલા અવસર મળવા જોઈએ તેટલા અવસર મળતા નથી. તદ ઉપરાંત ભારતીય યુવકોમાં સરકારી નોકરી માટે એક ખાસ પ્રકારનું ગાંડપણ છે. મોટા ભાગના યુવક લાંબા સમય સુધી સરકારી નોકરી માટે પ્રયત્ન કરે છે, જ્યારે નોકરી મળતી નથી તો કોઈ બીજી નોકરી પણ નથી કરતા. આવી રીતે જ શિક્ષિત યુવાનો બેરોજગારીની ફોજમાં શામેલ થાય છે.

ભારતમાં બેરોજગારીનું એક મોટું કારણ આપણા ઔદ્યોગિક વિકાસની ગતિ ધીમી પડવી. ભારતમાં મેન્યુફેકચરિંગ સેક્ટરમાં અપેક્ષિત વૃધ્ધિ નથી થઈ. મોટા પાયે કારખાના અને ઉત્પાદન એકમો શરૂ કરવા માટે હંમેશાં રોકાણની અછત રહેતી હોય છે. જરૂરી સરકારી ક્લિયરંસ અને ભ્રષ્ટાચારને કારણે કામમાં મોડું થાય છે. જેને કારણે ખાનગી ઉદ્યોગપતિ ઉદ્યોગ શરૂ કરવામાં સંકોચ અનુભવતા હોય છે. જો ઉત્પાદન ક્ષેત્રને ઝડપથી વધારવામાં આવે અને અનૌપચારિક્તા ક્ષેત્રમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરી આપવામાં આવે તો નિશ્ચિત રૂપમાં દેશમાંથી રોજગારનું સંકટ ઓછું થઈ શકે છે. ફેરીવાળા, દૈનિક મજૂરી કરવાવાળા, ઘરેલુ નોકર વગેરે સૌથી વધારે છે અને તેમને જ વધારે હેરાન કરવામાં આવે છે. નાની

નાની પ્રાઈવેટ નોકરીઓમાં ન તો તેમના માલિક સુરક્ષિત છે ન ત્યાં કામ કરવાવાળા. મોટાભાગના આવા કામગારોને હંમેશાં આ ડર હોય છે કે, આખો મહિનો કામ કર્યા બાદ પગાર મળશે કે નહીં. આ જ કારણે ભારતમાં આર્થિક વિકાસના તમામ અનુકૂળ સંકેત હોવા છતાં પણ બેરોજગારી મોટું સંકટ છે.




# બિહારમાં મતદાન યાદીની સુધારણાઃ કેન્દ્રીય ચૂંટણી પંચના વાદ-વિવાદ ને વિખવાદ

બિહારની ચૂંટણી માથા પર તોળાઈ રહી છે ત્યારે ત્યાં ‘મતદાર યાદી સુધારણા’નું કારણ આપીને ચૂંટણી પંચ આધાર કાર્ડને અમાન્ય ગણી સુપર ઓથોરિટી તરીકે વર્તી રહ્યું છે. એના આ તૂતને વિપક્ષોએ કેન્દ્ર સરકાર પ્રેરિત ‘ષડયંત્ર’ ગણાવીને ઊહાપોહ મચાવ્યો છે. વાત સર્વોચ્ચ અદાલત સુધી પહોંચી ગઈ છેપ

બિહારમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં કેન્દ્રીય ચૂંટણી પંચે ‘વોટર વેરિફિકેશન’ નું તૂત શરૂ કર્યુ તેમાં ભડકો થઈ ગયો છે. કૉંગ્રેસ અને આરજેડી સહિતના વિપક્ષોને વિધાનસભાની ચૂંટણી પહેલાં એક સજ્જડ મુદ્દો મળી ગયો છે. ચૂંટણી પંચ વોટર વેરિફિકેશનના બહાને ‘ભાજપ વિરોધી મતદારો અને મોટા ભાગે મુસ્લિમ મતદારોને મતદાનથી દૂર રાખવા માગે છે’ એવો વિપક્ષોનો આક્ષેપ છે.

‘મહારાષ્ટ્રમાં પણ આ જ ખેલ કરીને ચૂંટણી પંચે ભાજપને સત્તા અપાવી હતી અને હવે એનું જ ‘ઍક્શન રિ-પ્લે’ બિહારમાં પણ કરવાનું ષડયંત્ર રચાઈ રહ્યું હોવાનો વિપક્ષોનો આક્ષેપ છે.

બીજી તરફ, ચૂંટણી પંચ તેને નિયમિત પ્રક્રિયા ગણાવે છે. પંચની એકદમ વાહિયાત દલીલ એ પણ છે કે, ગેરકાયદેસર રીતે ઘૂસેલાં વિદેશીઓ સહિતના લોકો મતદાર યાદીમાં ઘૂસી ગયા છે કે નહી તેની ચકાસણી કરવા માટે વેરિફિકેશન થઈ રહ્યું છે. ચૂંટણી પંચ પોતે જ મતદાર યાદી તૈયાર કરે છે ત્યારે મતદાર તરીકે નામ નોંધતી વખતે આ ચકાસણી કેમ ન કરવામાં આવી?

પંચે ૨૦૦૩માં કરાયેલા વોટર વેરિફિકેશનનો હવાલો આપ્યો છે. ૨૦૦૩માં વોટર વેરિફિકેશન કરાયું તેના બે વર્ષ પછી વિધાનસભા ચૂંટણી થયેલી તેથી પૂરતો સમય હતો, પણ અત્યારે તો ચૂંટણીને માંડ ચાર મહિના બાકી છે ત્યારે અચાનક પંચને કેમ આ સણકો ઊપડ્યો?

આ મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચ્યો છે. કોર્ટે વોટર વેરિફિકેશન એટલે કે ‘સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન’ (જીંઇ) સામે સ્ટે આપવાનો ઈન્કાર કર્યો છે, પણ આધાર કાર્ડ અને રેશન કાર્ડને માન્ય પુરાવા ગણવા સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે અને એ સાથે પંચને કેટલાક વેધક સવાલો પણ કર્યા છે. સુપ્રીમ કોર્ટ આ કેસમાં આખરી શું ચુકાદો આપે છે એ જોવાનું રહે છે, પણ ચૂંટણી પંચ ગેરબંધારણીય રીતે વર્તી રહ્યું છે તેમાં કોઈ શંકા નથી કેમ કે દેશના બંધારણ પ્રમાણે ચૂંટણી પંચને કોઈ પણ વ્યક્તિની નાગરિકતા અંગે નિર્ણય લેવાનો અધિકાર જ નથી. ભારતના બંધારણ પ્રમાણે, મતદાર યાદીઓ તૈયાર કરવી અને સુધારવી એ ભારતના ચૂંટણી પંચ (ઈઝૈં) ની બંધારણીય જવાબદારી છે, પણ એક વાર કોઈનું નામ દેશના નાગરિક તરીકે નોંધાય પછી એની નાગરિકતા રદ કરવાનો અધિકાર માત્ર ને

માત્ર કેન્દ્ર સરકારને છે. કેન્દ્ર સરકાર વતી ગૃહ મંત્રાલય આ ફરજ બજાવે છે. સાદા શબ્દોમાં કહીએ તો કેન્દ્રીય ગૃહ મંત્રાલય જ કોઈ પણ વ્યક્તિની ભારતની મતદાર યાદીમાંથી બાદબાકી કરવાનો નિર્ણય લઈ શકે, પણ ચૂંટણી પંચ નહી.

ભારતમાં મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાય છે તેમાં રાજ્ય સરકાર મદદ કરે છે. કોઈ પણ વ્યક્તિ માન્ય પુરાવા આપે એટલે તેનો સમાવેશ મતદાર યાદીમાં કરવો એ પંચની જવાબદારી છે. બિહારમાં આ મતદાર યાદી પહેલાં જ પ્રસિદ્ધ થઈ ચૂકી છે તેથી પંચનું કામ પતી ગયું પણ હવે પંચે આ વોટર વેરિફિકેશનનું નવું તૂત ઊભું કર્યું છે. આ તૂત દ્વારા બિહારમાં પંચ પોતે જ કેન્દ્રીય ગૃહ મંત્રાલય હોય એ રીતે વર્તીને કોને મતદાર યાદીમાં રાખવા ને કોને ના રાખવા એ નક્કી કરવા બેઠું છે એ બંધારણનું ઘોર અપમાન છે.

હાસ્યાસ્પદ વાત પાછી એ છે કે, ચૂંટણી પંચે વોટર વેરિફિકેશનનું કામ ‘બ્લોક લેવલ ઓફિસર્સ’(બીએલઓ)ને સોંપ્યું છે. પંચ પાસે કોઈ પણ વ્યક્તિ ભારતની નાગરિક છે કે નહી એ નક્કી કરવા માટે કોઈ સ્ટાફ જ નથી. ચૂંટણી પંચ તો ચૂંટણી કરાવવા માટે પણ સરકાર પર નિર્ભર છે. મતદાનની સ્લીપ પહોંચાડવા માટે પણ બ્લોક લેવલ ઓફિસર્સ (બીએલઓ)ની મદદ લેવી પડે છે. આ ‘બીએલઓ પંચ’ પાસે ફુલટાઈમ કર્મચારી નથી પણ કામચલાઉ સ્ટાફ છે. સ્કૂલોના શિક્ષકો અને બીજા કર્મચારીઓને આ કામગીરી સોંપાય છે. એ જ :‘બીએલઓ’ને મતદાર યાદીમાં કોને રાખવા ને કોને ના રાખવા એ નક્કી કરવાની જવાબદારી સોંપી દેવામાં આવી છે!

ચૂંટણી પંચે મનમાની કરીને વેરિફિકેશન માટે ૧૧ દસ્તાવેજોને માન્ય ગણ્યા છે અને તેમાં પંચે જ તૈયાર કરીને આપેલું ‘વોટર કાર્ડ’—આધાર કાર્ડ અને રેશન કાર્ડ નથી. હજુ હમણાં સુધી માત્ર આધાર કાર્ડને આધારે વ્યક્તિ મતદાર યાદીમાં પોતાનું નામ દાખલ કરાવી શકતી હતી. દેશનાં બીજાં રાજ્યોમાં છેલ્લે છેલ્લે મતદાર યાદી સુધારણાના કાર્યક્રમ થયા તેમાં પણ આધાર કાર્ડને માન્ય પુરાવો ગણાયો હતો. હવે બિહારમાં પંચને આધાર કાર્ડ માન્ય પુરાવો નથી લાગતો એ કેવું? પંચે હાસ્યાસ્પદ દલીલ એ કરી છે કે, આધાર કાર્ડ માત્ર એક ઓળખપત્ર છે અને તેને નાગરિકતાનો આધાર ના માની શકાયપ!

આમ તો બધા જ જાણે છે કે આ દેશમાં કેન્દ્ર સહિતની તમામ સરકારી કામકાજમાં કોઈ પણ પ્રક્રિયા માટે આધાર કાર્ડ માન્ય ગણાય છે. બેન્કમાં ખાતું ખોલાવાથી માંડીને સરકારી યોજનાનો લાભ લેવો હોય તો પણ આધાર કાર્ડ ચાલે ને પાસપોર્ટ કઢાવવો હોય તો પણ આધાર કાર્ડ ચાલે. તમારે પ્રોપર્ટીનું રજિસ્ટ્રેશન કરાવવું હોય તો પણ આધાર કાર્ડ જોઈએ ને બીજો કોઈ પણ સરકારી દસ્તાવેજ કઢાવવો હોય તો પણ આધાર કાર્ડ ચાલે પણ મતદાર યાદીમાં દાખલ થયેલું નામ વેરીફાય કરવા માટે આધાર કાર્ડ ના ચાલે તેનાથી હાસ્યાસ્પદ વાત બીજી કઈ હોઈ શકે? પંચની દલીલ પ્રમાણે જ, આધાર કાર્ડ માત્ર એક ઓળખપત્ર છે તો એ શાનું ઓળખપત્ર છે? આ દેશની વ્યક્તિ હોવાનું કે બી કશાનું ?વધારે હાસ્યાસ્પદ વાત પાછી એ છે કે, આધાર કાર્ડના આધારે નીકળેલા પાસપોર્ટ સહિતના પુરાવા માન્ય છે પણ આધાર માન્ય નથીપબોલો !ચૂંટણી પંચ વિદેશી ઘૂસણખોરો મતદાર બની ગયા હોવાની વાત કરે છે એ પણ હાસ્યાસ્પદ છે. ભારત ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદ થયો ત્યારથી આ દેશમાં પાડોશી દેશોના નાગરિકો ઘૂસણખોરી કરતા રહ્યા છે. પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ,મ્યાનમાર વગેરે દેશોમાં સતત અશાંતિ અને અરાજકતા રહી. તેના અસરગ્રસ્તો ભારતમાં આવીને જામી ગયા. બાંગ્લાદેશનું સર્જન થયું ત્યારે તો કરોડોની સંખ્યામાં ઘૂસણખોરો આવી ગયા ને તેમાંથી કેટલા લોકો ભારતના નાગરિક બની ગયા એ કોઈને ખબર નથી. ચૂંટણી પંચે આજ સુધી કદી આ ઘૂસણખોરોને ઓળખી કાઢીને તેમનું નાગરિકત્વ છિનવી લેવાની કોઈ હિલચાલ પણ કરી નથી ને હવે અચાનક બિહાર વિધાન સભાની ચૂંટણી માથા પર તોળાઈ રહી છે ત્યારે તેને ઘૂસણખોરો દેશના નાગરિક બની ગયા તેની ચિંતા થઈ ગઈ છે !




# લખપતિ પીર ગોશ મહમદનું અધ્યાત્મિક ને સાહિત્યિક ગૌરવ

ઈતિહાસમાં લખપતને એક મહત્ત્વપૂર્ણ વેપાર કેન્દ્ર તરીકે માનવામાં આવતું હતું. ગુજરાત અને સિંધને જોડતું એ કેન્દ્રબિંદુ હતું. ત્યારે સિંધુ નદી લખપતમાં પ્રવાહિત થતી, જેનાં કારણે અહી પાણીની અછત ન હતી અને વ્યાપક પ્રમાણમાં ચોખાની ખેતી થતી. ચોખાના ઉત્પાદન તથા બંદરગાહ દ્વારા થતી વેપારી પ્રવૃત્તિઓથી લખપત દરરોજ લાખ કોરીની આવક પામતું એટલે સંભવતઃ નામ ‘લખપત’ પડ્યું. એવું લખપતને સમર્પિત વતની ઓસામણ ચાચા પાસે એકવાર સાંભળેલું. લખપતના અન્ય સ્મારકો ગુરુદ્વારા પહેલી પાતશાહી, શાહ અબુ તુરગની દરગાહ અને હાટકેશ્વર મહાદેવ મંદિર સાથે મળીને પીર ગોશ મહમદનો મકબરો આ પ્રદેશના ધર્મસહિષ્ણુ વારસાનું જીવંત પ્રતિનિધિત્વ કરે છે. અંધારાને વીઝતી આશાની જેમ આજે લખપત શાંત છે, પણ એના ઈતિહાસના પાનાંમાં ધર્મ, સંસ્કૃતિ અને કળાઓના સંગમની ઝાંખી મળે છે.

ગતાંકે કહેલું તેમ પીરની કાફીઓ વિષે પણ થોડી વાત કરી લઈએ. કચ્છની સ્થાપત્ય કલાના એક અનુપમ નમૂનારૂપ લખપત બંદર પર ૧૯મી સદીનો મકબરો જેના સન્માનને શોભાવી રહ્યું છે, એવા પીર ગોશ મહમ્મદ એક સૂફી સંત હોવા સાથે કચ્છી કાફીઓના રચનાર એક ઉત્તમ કોટિના કવિ પણ હતા. જે હિન્દુ અને મુસ્લિમ બંને પરંપરાઓને અપનાવવા માટે જાણીતા હતા. બાલ્યકાળથી જ એમણે સંસારથી પરે રહી વૈરાગ્યનું જીવન પસંદ કર્યું હતું. ફકીરી જીવનમાં જંગલોમાં ભટકવું એમને ખૂબ ગમતું. અને આજ ભ્રમણ કદાચ એમને સુંદર કાફી રચવા પ્રેરી શક્યું હશે! તેમના ભક્તિપૂર્ણ કાવ્યોમાં કૃષ્ણપ્રેમની ઝલક સ્પષ્ટ જોવા મળે છે. તેઓ ભગવાન શ્રીકૃષ્ણને ‘પ્રીતમ’ અને પોતાને ‘વિરહમાં તડપતી આત્મા’ ગણાવે છે. તેમના કાવ્યોમાં સૂફી તત્ત્વ અને ભક્તિ મર્મ સમાન રૂપે વહે છે. ઉદાહરણરૂપ તેમનો પ્રખ્યાત રાગ ‘કારાઈડો’માં રચાયેલ કાફીઃ

અર્થાત્ વ્હાલા પ્રભુજી અમારા આંગણે પધારો, મારો જીવડો આપને ખૂબ યાદ કરી સાદ કરે છે. મારું દિલ તો ધુતારા ધૂતી ગયા છે. જેમ જળ માટે માછલી તડપે એવા મારા તનમનની હાલત છે. એક પણ ઘડી આપને વિસરી નથી શકાતું કૃપા કરી આપ મારા આંગણે પધારો.

૧૮૫૫માં એમના અવસાન પછી એમની કબર પર સંવત ૧૯૧૧ની સાલે મકબરાનું બાંધકામ તેમના ભાઈ બાવા મિયાના માર્ગદર્શન હેઠળ સંતના અનુયાયીઓના યોગદાનથી શરૂ થયું અને એ બાંધકામ દશ-બાર વર્ષની કામગીરી પછી કલાના ધામરૂપ આ આરામગાહ તૈયાર થઈ શક્યું. સ્થાપત્યની દ્રષ્ટિએ, મકબરો કાળા પથ્થરથી બનાવવામાં આવ્યો છે, જે ૫૪ ફૂટ ચોરસ અને ૭ ફૂટ ઊંચું છે. મકબરામાં મુખ્ય અષ્ટકોણીય મંડપ છે, જે ઉપરથી શંકુ આકારના મુખ્ય ગુંબજથી ઢંકાયેલું છે. આ ગુંબજ ૬૩ ફૂટ ૩ ઈંચ જેટલું ઊંચું છે. તેની આસપાસ આઠ નાના ગુંબજો છે જે માળાની જેમ ગોઠવાયેલા છે. દરગાહમાં ૧૨ દરવાજા છે અને અંદરની દીવાલો તથા બારીઓ પર પથ્થરની જાળીઓનું અત્યંત બારીક કોતરકામ કરવામાં આવ્યું છે. આ જાળીઓ ભુજના પ્રસિદ્ધ આયના મહેલની જાળીઓ સાથે સરખાવાય તેવી સુંદર છે. વિશિષ્ટ ઘૂમટવાળો અર્ધચંદ્રાકાર ખંડની મધ્યમાં પીર ગોશ મહમદની કબર આવેલી છે. અને અંતે, પીર ગોશ મહમદ લખપતના આધ્યાત્મિક રત્ન હતા. તેમની જીવંત કૃતિઓ કચ્છના સાહિત્ય અને સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. (તસવીર અને પૂરક માહિતીઃ પ્રદીપ ઝવેરીના સહયોગથી પ્રાપ્ત)

તંત્રી લેખ...-

શુક્રવાર, તા.૧૮ જુલાઈ ૨૦૨૫

# ભારત - ચીન દ્વિપક્ષી સંબંધ સકારાત્મક

પાકિસ્તાની આતંકવાદનું સમર્થન અને મદદ આપવા છતાં ચીન સાથેના આપણા સંબંધ સુધરી શકે તે માટે આપણે હાથ લંબાવ્યા છે. હવે ચીન કેવો સહકાર આપે છે તે જોવાનું છે. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની આગામી બેઠકના અધ્યક્ષપદે ચીન છે ત્યારે આતંકવાદને વખોડી કાઢતું સંયુક્ત નિવેદન બહાર પડે છે કે નહી તે જોવાનું છે. આ સંગઠનની બેઠક મળે તે પહેલાં આપણા વિદેશ ખાતાના પ્રધાન એસ. જયશંકરે ચીનની મુલાકાત લઈને ત્યાંના વિદેશપ્રધાનને મળ્યા છે અને છેલ્લા નવ મહિનામાં દ્વિપક્ષી સંબંધમાં થયેલા સુધારા બદલ ખુશી વ્યક્ત કરી અને કહ્યું કે, હવે આપણે સરહદ ઉપરની તંગદિલી હળવી કરવાની દિશામાં આગળ વધવું જોઈએ. 'મતભેદ વિવાદ - ઝઘડા નહી બનવા જોઈએ અને સ્પર્ધા સંઘર્ષ નહી બનવી જોઈએ !' પાંચ વર્ષ પછી કૈલાસ - માનસરોવર યાત્રાનો માર્ગ ચીને મોકળો કર્યો તે બદલ એમણે ખુશી વ્યક્ત કરી છે. આ સાથે આતંકવાદ અંગે સૌને ચિંતા હોવી જોઈએ અને આતંકવાદ બાબતે 'ઝીરો ટોલરન્સ'ની ઘોષણા સંગઠનની આગામી બેઠકમાં કરવી જોઈએ એમ પણ કહ્યું છે. વ્યાપારમાં પણ અવરોધાત્મક પગલાં હોય તે દૂર કરવાનો અનુરોધ કર્યો છે. વિદેશ ખાતાંના પ્રધાન એસ. જયશંકરની ચીન મુલાકાત પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયામાં બ્રિક્સ શિખર પરિષદ દરમિયાન ચીની પ્રમુખ શી જિનપિંગને મળ્યા હતા. આ પછી આપણા રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજિત ડોભાલે બે વખત ચીનની મુલાકાત લીધી છે અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ પણ ચીન જઈ આવ્યા છે. આમ તાજેતરમાં બંને દેશ વચ્ચે સકારાત્મક સંબંધ અને વાતાવરણ હોવાનું મનાય છે. ભારત - ચીન સરહદ ઉપર પચાસ હજારથી વધુ સૈનિકો છે પણ શાંતિ જાળવવામાં આવે છે તે આપણા દ્વિપક્ષી સંબંધ સુમેળભર્યા હોવાની નિશાની છે અને હવે આપણે સરહદ ઉપર તંગદિલી ઘટે તે દિશામાં આગળ વધવું જોઈએ એમ પણ વિદેશપ્રધાને કહ્યું છે. પાકિસ્તાની આતંકવાદનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યા વિના ચીની વિદેશપ્રધાનને યાદ અપાવી કે, શાંઘાઈ સંગઠનનો મૂળ ઉદ્દેશ આતંકવાદ અને અલગતાવાદ તથા અંતિમવાદનો પ્રતિકાર કરવાનો છે તે મુજબ આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ - લેશમાત્ર સહિષ્ણુતા હોય નહીં એ મહત્ત્વનું છે અને ભારતની પણ આ નીતિ છે - એમ કહેવા પાછળ એમનો નિર્દેશ છે કે, શાંઘાઈ સંગઠનની બેઠકે આતંકવાદને સખત શબ્દોમાં વખોડવો જોઈએ. ભારત અને ચીન માટે જ રચનાત્મક સંબંધ લાભકારક છે અને વિશ્વ માટે પણ ફાયદાકારક છે એમ કહેવા પાછળ ઈશારો ટ્રમ્પની ટેરિફ વોર - સામે છે. હવે સંગઠનની બેઠકમાં અધ્યક્ષપદે બેઠેલું ચીન કેવા પ્રતિભાવ આપે છે તે જોવાનું છે. અમેરિકા અને યુરોપ વચ્ચે ચાલી રહેલા ગજગ્રાહ અને ચીન પ્રત્યેની 'કભી ગરમ કભી નરમ' નીતિ વચ્ચે ચીનને ભારતની મૈત્રી જરૂરી બનશે એમ મનાય છે.

**આ પછી આપણા રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજિત ડોભાલે બે વખત ચીનની મુલાકાત લીધી છે અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ પણ ચીન જઈ આવ્યા છે.**

# મતદારયાદીની સુધારણા સમયોચિત નિર્ણય

બિહાર વિધાનસભાની ચૂંટણીનાં રાજકીય પાસાં અનેક દૃષ્ટિથી ચર્ચાઈ રહ્યાં છે. કેન્દ્રમાં મોદી સરકારને નીતીશકુમારે સમર્થન આપ્યા પછી બિહારમાં પ્રથમ પ્રતિષ્ઠાની પરાકાષ્ટા સમાન ચૂંટણી છે. તેથી તેના પર સૌ કોઈ બિલ્લોરી કાચ રાખીને બેઠા છે, પરંતુ લોકતંત્ર માટે અત્યંત અગત્યની, સંવૈધાનિક દૃષ્ટિએ મહત્ત્વની બાબત છે મતદારયાદીની ખરાઈ. બિહારમાં મતદારયાદીની જે ક્ષતિ કે મર્યાદા બહાર આવી તે પછી ચૂંટણીપંચ સતર્ક અને સક્રિય થયું છે. આ બાબતની ગંભીરતા એટલી બધી છે કે, આખા દેશમાં આ પુનઃ નિરીક્ષણ કરાવવાનો નિર્ણય પંચે લીધો છે. રાજ્યોમાં ૨૦૨૫ના અંત, ૨૬ની શરૂઆતમાં ચૂંટણીઓની શૃંખલા આવી રહી છે, ત્યારે આ નિર્ણય અગત્યનો સાબિત થશે. નવેમ્બર ૨૦૨૫માં બિહાર વિધાનસભાની ચૂંટણી છે. ચૂંટણીપંચ ત્યાં મતદારયાદીનું પુનઃ નિરીક્ષણ - ખરાઈ કરાવી રહ્યું છે. કેટલાક પક્ષોએ તે અટકાવવા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી તેને તો ગત સપ્તાહે જ નકારી કાઢવામાં આવી. સર્વોચ્ચ ન્યાયાલયે તો એવું પણ પૂછ્યું કે, આધારકાર્ડને મતદાર ઓળખના દસ્તાવેજમાંથી શા માટે બહાર રાખ્યું? આ અરજી કરનારા વર્ગના વકીલ કપિલ સિબ્બલની દલીલોનો જવાબ પંચે અદાલતમાં આપ્યો હતો. પંચે ત્યાં સુધી કહ્યું કે, સમગ્ર કાર્યવાહીમાં નિયમોનું પાલન થશે. સુનાવણીની તક વગર કોઈને મતદારયાદીમાંથી બહાર કરવામાં નહીં આવે. પંચ સંવૈધાનિક સંસ્થા છે, મતદાર સાથે સીધી જોડાયેલી છે. જો કે, બિહારની મતદારયાદીમાં કેટલીક ગંભીર બાબતો ધ્યાનમાં આવી છે. બાંગલાદેશ, મ્યાંમાર તથા નેપાળના લોકોનો સમાવેશ ત્યાંની મતદારયાદીમાં થયો છે. ઘરે ઘરે જઈને જ્યારે મતદારો અંગે તપાસ થઈ ત્યારે એવું બહાર આવ્યું કે, મોટાપાયે ત્યાં આ અન્ય દેશોના નાગરિકોનાં નામ છે. વિપક્ષ એક તરફ વોટર વેરિફિકેશન અંગે વાંધો ઉઠાવે છે, બીજી બાજુ આવી ક્ષતિઓ બહાર આવી રહી છે. ચૂંટણીપંચે કહ્યું છે કે, ૩૦મી સપ્ટેમ્બરે જે અંતિમ યાદી જાહેર થશે તેમાં ગેરકાયદે વસતા લોકોનાં નામ સમાવવામાં નહીં આવે. જન્મસ્થળની તપાસ કરાયા બાદ મતદારયાદીની સમીક્ષા કરીને તે નામો હટાવવામાં આવશે. બિહારની આ સ્થિતિનાં પગલે હવે તો આ મતદારયાદી પુનઃ નિરીક્ષણ દેશવ્યાપી મુદ્દો બની ગયો છે. બિહાર જેવું અન્ય રાજ્યોમાં તો નથી ને? તે જાણવું જરૂરી છે. આગામી માસથી આખા ભારતમાં મતદારયાદીની પુનઃ ચકાસણી થશે. બિહાર જેવો જ આ સુધારો હશે. ૨૮ જુલાઈએ બિહારની મતદારયાદી માટે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી થાય તે પછી આ દેશવ્યાપી કાર્યવાહીનો સમય નક્કી થશે. વર્ષાંતે બિહારમાં અને આગામી વર્ષે આસામ, કેરળ, તામિલનાડુ, પશ્ચિમ બંગાળમાં ચૂંટણી છે. બિહારની મતદારયાદીમાં પરદેશી લોકોનાં નામ ખૂલ્યાં છે, ત્યારે પુનઃ નિરીક્ષણનો નિર્ણય આ બધી ચૂંટણીઓ સંદર્ભે અગત્યનો છે. કચ્છને લીધે ગુજરાત અને બીજું રાજસ્થાન પણ સરહદી રાજ્યો છે. ત્યાં પણ આ ચકાસણી થઈ જવી જરૂરી છે.

**ટ્રમ્પે ટૅરિફ લાદવાની જાહેરાતો કરી તેના કારણે અમેરિકાના સાથી દેશો પણ તેનાથી વેગળા થઈ ગયા છે.**

# 'નાટો'ની પ્રતિબંધોની ધમકીઃ ભસતાં કૂતરાં કરડે નહીં

## રૂટનું કહેવું છે કે, ભારત, ચીન અને બ્રાઝિલે યુક્રેન સાથેનું યુદ્ધ ખતમ કરવા માટે શાંતિ વાટાઘાટો શરૂ

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ટૅરિફના નામે ભારત સહિતના દેશોને દબાવી જોવા ફાંફાં મારી જોયાં પણ કોઈએ મચક ના આપતાં ભોંઠા પડેલા ટ્રમ્પે નાટો (નોર્થ એન્ટલાન્ટિક ટ્રિટિ ઓર્ગેનાઈઝેશન)ના માધ્યમથી ભારત સહિતના દેશોને દબાવવાનો દાવ ખેલ્યો છે. ટ્રમ્પના ઈશારે નાટોના સેક્રેટરી જનરલ માર્ક રૂટે ભારત, ચીન અને બ્રાઝિલ જો રશિયા સાથેનો વેપાર બંધ ના કરે તો તેમના પર ૧૦૦ ટકા પ્રતિબંધો લાદવાની ધમકી આપી છે.

ડોનલ્ડ ટ્રમ્પે બે દિવસ પહેલાં જ રશિયા સામે લડવા માટે યુક્રેનને નવા હથિયારો આપવાની અને રશિયા સાથે વેપાર કરતા દેશોના અમેરિકામાં આવતા માલ પર તોતિંગ ટૅરિફ લાદવાની ધમકી આપી હતી ને હવે રૂટ પણ એ જ ભાષા બોલી રહ્યા છે. તેના પરથી સ્પષ્ટ છે કે, રૂટ ટ્રમ્પના ચડાવ્યા આ ધંધો માંડીને બેઠા છે અને ટ્રમ્પના પઢાવેલા પોપટ તરીકે વર્તી રહ્યા છે.

રૂટનું કહેવું છે કે, ભારત, ચીન અને બ્રાઝિલે યુક્રેન સાથેનું યુદ્ધ ખતમ કરવા માટે શાંતિ વાટાઘાટો શરૂ કરવા રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન પર દબાણ કરવું જોઈએ. રૂટે રશિયા સાથે વ્યાપાર કરવા સામે પણ વાંધો લઈને કહ્યું છે કે, ચીન, ભારત, બ્રાઝિલે સમજવું પડશે કે રશિયા સાથે વેપાર ચાલુ રાખવાથી ભારે નુકસાન થઈ શકે છે. આ ત્રણેય દેશના નેતાઓને મારી અપીલ છે કે, પુતિન સાથે ફોન પર વાત કરે અને શાંતિ વાટાઘાટો માટે કહે. પુતિન તેમની વાત ના માનતા હોય તો રશિયા સાથે વ્યાપાર બંધ કરી નાંખે. રશિયા યુદ્ધ ચાલુ રાખે છતાં આ દેશો રશિયા પાસેથી ઓઈલ અને ગેસ ખરીદવાનું ચાલુ રાખશે તો તેમના પર ૧૦૦ ટકા સેક્ધડરી પ્રતિબંધો લાદવામાં આવશે.

નાટો પાસે ધમકી અપાવીને ટ્રમ્પ એક

કાંકરે બે પક્ષી મારવાની કોશિશ કરી રહ્યા છે. ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધ પતાવી દેવાના બહુ ફડાકા મારેલા. પોતે અમેરિકાના પ્રમુખ બનશે તેના મહિનામાં દુનિયામાં શાંતિ થઈ જશે એવી મોટી મોટી વાતો ટ્રમ્પે કરેલી પણ કશું થયું નથી. વ્લાદિમિર પુતિન અને ઝેલેન્સ્કી બંને ટ્રમ્પને ઘોળીને પી ગયા છે તેથી યુદ્ધ પતતું જ નથી. બલકે યુદ્ધ ઉગ્ર બન્યું છે. ટ્રમ્પે પુતિનનું નાક દબાવવા માટે ભારે મથામણ કરી પણ મેળ પડતો જ નથી તેમાં આખી દુનિયામાં તેમના ઈજ્જતના ભડાકા થઈ રહ્યા છે એટલે આબરૂ બચાવવા માટે ટ્રમ્પે નાટોની ઓથ લેવી પડી છે.

બીજું એ કે, અમેરિકાને ફરી દુનિયાનો દાદો બનાવવા માટે ટ્રમ્પે ટૅરિફ લાદવાની જાહેરાતો કરી તેના કારણે અમેરિકાના સાથી દેશો પણ તેનાથી વેગળા થઈ ગયા છે. 'નાટો'ની સ્થાપના બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિના ચાર વર્ષ પછી એટલે કે ૧૯૪૯માં થઈ હતી ને અમેરિકાએ તેની આગેવાની લીધી હતી. યુરોપ-અમેરિકાને અલગ પાડતા એટલાન્ટિક મહાસાગરના કાંઠે ફેલાયેલા દેશોએ ભેગા થઈને 'નાટો' બનાવ્યું છે,

'નાટો'ની સ્થાપના થઈ ત્યારે સભ્ય દેશો ૧૨ હતા. આ દેશોને જાપાન-ચીનથી ખતરો લાગતો હતો કેમ કે બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાને હાહાકાર મચાવ્યો હતો. ચીન ઝડપથી ઊભરી રહ્યું હતું તેથી તેનાથી પણ ખતરો હતો. આ બેવડા ખતરા સામે અમેરિકા તેમનું રક્ષણ કરી શકશે તેવા વિશ્વાસ સાથે આ દેશો તેમાં જોડાયા. 'નાટો'નો ઉદ્દેશ લશ્કરી તાકાત ઊભી કરવાનો હતો એટલે 'નાટો' આજે પણ દુનિયાનું સૌથી મોટું લશ્કરી સંગઠન છે.

'નાટો'ના કુલ સભ્ય દેશો ૨૯ છે અને બધા એકબીજાને લશ્કરી મદદ કરવા બંધાયેલા છે. વરસો લગી નાટોના દેશો એક થઈને રહ્યા અને તેના કારણે તેમની આર્થિક સમૃદ્ધિ વધી. ટ્રમ્પને એવો ભ્રમ છે કે, અમેરિકાના કારણે આ બધા દેશો માલદાર બની રહ્યા છે એટલે તેમણે તોરમાં ને તોરમાં આ દેશો પર પણ ધડાધડ ટૅરિફ ઠોકી દીધા. તેના કારણે 'નાટો'ના દેશો અમેરિકાથી નારાજ છે અને પોતાનાં આર્થિક હિતો બનાવવા માટે નવી નવી ધરીઓ રચી રહ્યા છે. કેનેડાએ તો અમેરિકા સામે બાંયો જ ચડાવી દીધી છે. ટ્રમ્પને મોડે મોડે ભાન થયું છે કે, અમેરિકા એકલું આખી દુનિયા પર દાદાગીરી ના કરી શકે ને યુરોપના દેશો સાથે ના હોય તો અમેરિકાને કોઈ ગણકારે પણ નહી એટલે તેમણે ફરી 'નાટો'ને ભાવ આપવા માંડ્યો છે.

ટ્રમ્પે 'નાટો'ના દેશો સાથે રશિયા-યુક્રેનના મુદ્દે પણ બાખડી બાંધી હતી. યુરોપિયન યુનિયનના દેશો રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનને 'નાટો'ના સભ્યોએ પૂરી તાકાતથી મદદ કરવી જોઈએ એવું માને છે, પણ ટ્રમ્પને દુનિયાના શાંતિદૂત બનવાના ધખારા હતા એટલે યુક્રેનને મદદ બંધ કરી દીધેલી. હવે 'નાટો'ને સાથે રાખવા યુક્રેનને મદદ કરવાનું એલાન પણ કર્યું છે અને 'નાટો'નો ઉપયોગ પોતાના બદઈરાદાને પાર પાડવા માટે પણ કરી રહ્યા છે.

ટ્રમ્પને જે દાવ ખેલવા હોય એ ખેલે પણ આપણા માટે મહત્ત્વનો મુદ્દો 'નાટો' પ્રતિબંધો લાદે તો શું થાય તેનો છે. વાસ્તવમાં તેનાથી ભારત, બ્રાઝિલ કે ચીનને કોઈ ફરક ના પડે. ચીન રશિયાનો સૌથી મોટો વેપારી ભાગીદાર અને રશિયન ઓઈલનો મુખ્ય ખરીદદાર છે. ચીન રાક્ષસી તાકાત ધરાવે છે તેથી કોઈને ગણકારતું જ નથી. ટ્રમ્પે ચીનને દબાવવા કરેલા બધા કારસા નિષ્ફળ ગયા છે ને હાંફી ગયેલા ટ્રમ્પ ખુદ ચીનના પગમાં આળોટી ગયા છે એ જોતાં 'નાટો' પણ ચીનને કશું ના કરી શકે તેમાં બેમત નથી પણ ભારતનું પણ 'નાટો' કંઈ બગાડી ના શકે.

ભારત અને રશિયા વચ્ચે અત્યારે સૌથી મોટો વેપાર ક્રૂડ ઓઈલનો છે. ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલનો મોટો ખરીદદાર છે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી રશિયાએ પોતાના અર્થતંત્રને ધમધમતું રાખવા માટે દુનિયાભરના દેશોને સસ્તુ ક્રૂડ આપવા માંડ્યું પછી ભારત પણ રશિયા પાસેથી સસ્તું ઓઈલ ખરીદીને ફાયદો લઈ શકે છે. 'નાટો'ના દેશો દ્વારા સેક્ધડરી પ્રતિબંધો લાદવામાં આવે તો રશિયન ઓઈલનો પુરવઠો બંધ થઈ જાય એવું કહેવાય છે, પણ વાસ્તવમાં એવું થવાનું નથી.

ભારત થર્ડ પાર્ટી મારફતે રશિયન ઓઈલ ખરીદી જ શકે તેથી 'નાટો' કંઈ બગાડી ના શકે. ભૂતકાળમાં ટ્રમ્પે આ રીતે ભારતનું નાક દબાવવા કોશિશ કરેલી છે પણ ફાવ્યા નથી એટલે હવે 'નાટો' મારફતે મથી રહ્યા છે પણ આ વખતે પણ નહીં ફાવે.

ગુજરાતીમાં કહેવત છે કે, ભસતાં કૂતરાં કરડે નહીં. 'નાટો'ના કેસમાં પણ એવું જ થવાનું છે કેમ કે 'નાટો' પ્રતિબંધ દે તો ભારત પણ સામે તેમના પર પ્રતિબંધો લાદી જ શકે છે. યુરોપના દેશો માટે ભારતના દરવાજા બંધ થાય તો તેમને પણ ફટકો પડે જ તેથી આ મુદ્દે ચિંતા કરવા જેવી નથી.

**કેસ જે રીતે ચાલ્યો છે એ જોતાં નિમિષાના બચવાની કોઈ આશા નહોતી.**

# યમનમાં નિમિષા બચી જાય તો મોટો ચમત્કાર ગણાય

- નિમિષાએ સજા સામે યમનની સુપ્રીમ કોર્ટમાં અપીલ કરેલી પણ કોર્ટે ફાંસીની સજા સામેની અપીલ ફગાવી દેતાં નિમિષા પાસે બચવા માટે 'દિયાહ (બ્લડ મની)' આપીને મૃતકના પરિવાર સાથે સોદાબાજી કરવાનો છેલ્લો વિકલ્પ બચ્યો છે.

યમનની જેલમાં ૨૦૧૮થી સબડી રહેલી ભારતીય નર્સ નિમિષા પ્રિયાને ૧૬ જુલાઈ ને બુધવારે ફાંસી થવાની હતી પણ નિમિષાનાં નસીબ જોર કરતાં હશે એટલે ફરી એક વાર ફાંસીની સજા મુલતવી રહી છે. નિમિષાને મળેલી રાહત કામચલાઉ છે પણ તેના કારણે નિમિષા બચી જાય એવી આછીપાતળી આશા પાછી જાગી છે એ કબૂલવું પડે. ૩૪ વર્ષની નિમિષાને તેના બિઝનેસ પાર્ટનર તલાલ આબ્દો મહદીની હત્યાના કેસમાં ૨૦૨૦માં ફાંસીની સજા થઈ છે.

નિમિષાએ સજા સામે યમનની સુપ્રીમ કોર્ટમાં અપીલ કરેલી પણ કોર્ટે ફાંસીની સજા સામેની અપીલ ફગાવી દેતાં નિમિષા પાસે બચવા માટે 'દિયાહ (બ્લડ મની)' આપીને મૃતકના પરિવાર સાથે સોદાબાજી કરવાનો છેલ્લો વિકલ્પ બચ્યો છે. યમનમાં અમલી મુસ્લિમ કાયદા એટલે કે શરિયા પ્રમાણે નિમિષાનો પરિવાર તલાલના પરિવારને 'બ્લડ મની' આપે તેના બદલામાં તલાલનો પરિવાર નિમિષાને માફી આપી દે તો નિમિષા છૂટી શકે.

સામાન્ય સંજોગોમાં કોઈ ભારતીય નાગરિક વિદેશમાં ફસાય કે મુશ્કેલીમાં મુકાય તો ભારત સરકાર તેને મદદ કરતી હોય છે. નિમિષાના કિસ્સામાં તકલીફ એ થઈ કે, ભારત અને યમન વચ્ચે રાજદ્વારી સંબંધો નથી તેથી ભારતના નાગરિકોને યમન જવાની મંજૂરી નથી. આ સંજોગોમાં 'બ્લડ મની' એકઠા કરાય તો પણ નિમિષા વતી મૃતક તલાલના પરિવાર સાથે કોણ ચર્ચા કરે એ સવાલ હતો. દિલ્હી હાઈ કોર્ટે માનવીય અભિગમ બતાવીને નિમિષાની મા પ્રેમા કુમારીને યમન જવા દેવા માટે નિયમોમાં છૂટ આપવા ભારત સરકારને આદેશ આપતાં પ્રેમા યમન ગઈ છે.

નિમિષાના પરિવારે 'બ્લડ મની' પેટે આપવા ૧૦ લાખ ડૉલર એટલે કે લગભગ ૮.૫ કરોડ રૂપિયા ભેગા કરી લીધા છે. 'બ્લડ મની' આપીને નિમિષાને બચાવવા નિમિષાની માતા તથા બીજાં સગાં વાટાઘાટો પણ કરી રહ્યાં છે પણ મહદીનો પરિવાર 'બ્લડ મની' લેવા તૈયાર નથી. તેમને નિમિષાને ફાંસીથી ઓછું કશું ખપતું નથી તેથી નિમિષાને ફાંસી થશે એ નક્કી લાગતું હતું ને બુધવારે તેનો ખેલ ખતમ થઈ જશે એ પણ નક્કી હતું ત્યાં અચાનક જ આવેલી રાહતે નિમિષાનો જીવ બચાવી શકાશે એવી આશા ઊભી કરી છે.

નિમિષાને રાહત કેમ મળી તેનાં કારણ નથી અપાયાં પણ મહદીનો પરિવાર કૂણો પડ્યો હોય અને નિમિષાને 'બ્લડ મની'ના બદલામાં માફી આપી દેવા તૈયાર થયો હોય એ શક્ય છે. એ માટેની કાનૂની પ્રક્રિયા પૂરી કરવામાં વાર લાગે તેથી સત્તાવાર રીતે જાહેરાત ના કરાઈ હોય એવું બને. આ એક અટકળ જ છે પણ આ અટકળ સાચી પડે એવી આશા રાખીએ કેમ કે સવાલ ભારતની એક દીકરીની જિંદગીનો છે.

નિમિષા બચી જશે તો મોટો ચમત્કાર ગણાશે કેમ કે અત્યાર સુધી કેસ જે રીતે ચાલ્યો છે એ જોતાં નિમિષાના બચવાની કોઈ આશા નહોતી. નિમિષાની સ્ટોરી કોઈ થ્રીલર નોવેલ જેવી છે. કેરળની નર્સ નિમિષા પ્રિયા ૨૦૦૮માં ૨૩ વર્ષની ઉંમરે યમન ગઈ પછી યમનની રાજધાની સાનામાં સરકારી હોસ્પિટલમાં નર્સ તરીકે જોડાઈ હતી. નિમિષાનો પરિવાર સાવ ગરીબ છે અને નિમિષાની માતા પ્રેમાએ લોકોનાં

ઘરોમાં કામ કરીને દીકરીને ઉછેરી છે તેથી આ નોકરી આખા પરિવાર માટે આશીર્વાદરૂપ હતી.


ત્રણ વર્ષમાં નિમિષા નોકરીમાં સેટ થઈ ગઈ અને આર્થિક રીતે પગભર થઈ પછી ૨૦૧૧માં ભારત આવીને ઈલેક્ટ્રિશિયન ટોની થોમસ સાથે કેરળમાં લગ્ન કર્યાં અને પતિ સાથે યમન પાછી ગઈ. ટોનીએ યમનમાં કામ શરૂ કરતાં બંનેની જિંદગી ખુશહાલ હતી. ૨૦૧૨ના ડિસેમ્બરમાં નિમિષાએ દીકરીને જન્મ આપ્યો ત્યારે જિંદગીમાં બધું મળી ગયું હોય એવું લાગતું હતું.યમન આતંકવાદી સંગઠનનો અડ્ડો છે તેથી આંતરિક વિગ્રહ ચાલ્યા જ કરે છે. ૨૦૧૨ પછી આંતરિક વિગ્રહ ઉગ્ર બનતાં અરાજકતા વધતાં ટોની બેકાર થઈ ગયો. ખાલી નિમિષાના પગારમાં ત્રણ વ્યક્તિનું પૂરું કરવું શક્ય નહોતું તેથી ટોની દીકરીને લઈને ભારત પાછો આવી ગયો. ટોની ભારતમાં રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન કરતો. બીજી તરફ યમનમાં સ્થિતિ બગડતી જતી હતી તેથી નિમિષાએ નોકરીના બદલે પોતાનું ક્લિનિક ખોલવાનું નક્કી કર્યું.

**સૌથી જાણીતો કિસ્સો એટલે મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું મગજ. ૧૬૦ થી ૧૯૦ જેટલો ઊંચો**

# માણસને નસીબ હોય, પણ શું એનાં અંગોને ય નસીબ હોય?!

## યુરોપિયન સંસ્કૃતિમાં મિડલ ફિંગર' એક અશિષ્ટ બાબત સાથે સંકળાયેલ ચેષ્ટા છે, પણ ગેલીલિયોની મિડલ ફિંગર બીજા જ કારણોસર જાણીતી છે.

કાળા માથાના માનવીને ભૂતકાળમાં જીવવું ગમે છે. કદાચ એટલે જ વિશ્ર્વની તમામ પ્રજા પોતાની સાંસ્કૃતિક ધરોહરોને બરાબર જાળવી રાખવાની કોશિશો કરતી રહે છે. આ ધરોહરોમાં ઈમારતો, પુસ્તકો વગેરે સહિત મહાનુભાવોએ અંગત ઉપયોગમાં લીધેલી ચીજવસ્તુઓનો પણ સંગ્રહ થતો હોય છે. આવી વસ્તુમાં કોઈક મહાન સેનાપતિએ વાપરેલી તલવારથી માંડીને ગાંધીજીના ચશ્મા સુધીની ચીજોનો સમાવેશ થઈ શકે છે. અહીં સુધી બધું બરાબર છે. પણ ધરોહર-વારસાને જાળવી રાખવાની આદત ત્યારે 'ઘેલછા' કે 'પાગલપણું' ગણાવા માંડે, જ્યારે લોકો મહાનુભાવોની ચીજ-વસ્તુઓને બદલે એમના અંગ-ઉપાંગોને પોતાની પાસે રાખી મૂકે! વાંચતા જ સૂગ ચડે એવી આ વાત છે, પણ વિશ્ર્વના અનેક મહાનુભાવોના વિવિધ અંગોને જુદા જુદા લોકો-સંસ્થાઓ દ્વારા જાળવવામાં આવ્યા છે. એટલું જ નહીં, પણ કેટલાકને તો રીતસર પ્રદર્શન માટે ગોઠવવામાં આવ્યા છે!સૌથી જાણીતો કિસ્સો એટલે મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું મગજ. ૧૬૦ થી ૧૯૦ જેટલો ઊંચોઆઈક્યુ ધરાવનાર આઈન્સ્ટાઈનનું વજન સામાન્ય વ્યક્તિની સરખામણીએ વધુ કાર્યક્ષમ હોવાનું જ. આવા બ્રિલિયન્ટ બ્રેનમાં તજજ્ઞોને રસ પડે એ સહજ છે. આઈન્સ્ટાઈનના મૃત્યુ પછી ગણતરીના કલાકોમાં થોમસ હાર્વે નામના પેથોલોજીસ્ટે મહાન વિજ્ઞાનીનું મગજ સર્જરી દ્વારા કાઢી લીધું. એના જુદા જુદા હિસ્સા વિવિધ ન્યૂરો સર્જન્સને અભ્યાસના હેતુસર ફાળવવામાં આવ્યા, પરંતુ મગજનો મુખ્ય હિસ્સો તો હાર્વે પાસે જ રહ્યો. આલ્બર્ટ આઈન્સ્ટાઈનના મસ્તિષ્કે કેટલો પ્રવાસ કર્યો, એ વિશેનું ડોક્યુમેન્ટેશન કેટલાંક પુસ્તકો અને ડોક્યુમેન્ટરીઝમાં જોવા મળે છે.માત્ર મગજ જ નહિ, આઈન્સ્ટાઈનની આંખોમાં પણ લોકોને રસ હતો! થોમસ હાર્વેએ મગજ કાઢતી વખતે વૈજ્ઞાનિકની આંખો પણ કાઢી લીધેલી! કોઈક મૃત વ્યક્તિની આંખો જાળવી રાખવા પાછળ શું લોજીક હોઈ શકે? કદાચહાર્વેને પોતાને ય એ વિષે કોઈ સ્પષ્ટતા નહિ હોય એટલે એણે આંખો એક બીજા ડોકટરને આપી દીધી. આ મૃત આંખો આજ દિન સુધી ન્યૂયોર્ક ખાતે એક સેફ ડિપોઝીટ બોક્સમાં સચવાયેલી હોવાનું કહે છે. જ્યારે આ આંખ સંગ્રાહક ડોકટરને મૃત આંખોના સંગ્રહ માટેનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે એ સાહેબે તર્ક આપતા કહ્યું, આઈન્સ્ટાઈન સરની આંખો મારી સાથે છે એના કારણે મને એવી અનુભૂતિ થાય છે કે જાણે ખુદ આઈન્સ્ટાઈન મારી સાથે છે! અલ્યા પણપ કુછ ભી?!!યુરોપિયન સંસ્કૃતિમાં મિડલ ફિંગર' એક અશિષ્ટ બાબત સાથે સંકળાયેલ ચેષ્ટા છે, પણ ગેલીલિયોની મિડલ ફિંગર બીજા જ કારણોસર જાણીતી છે. ગેલીલિયો વિના આધુનિક ખગોળશાસ્ત્ર અધૂરું ગણાય. પૃથ્વી ગોળ છે અને સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે, એ સત્ય આજે સ્કુલમાં ભણતું બચ્ચું પણ જાણે છે. પણ ગેલીલિયોએ પ્રથમ વખત આ સત્ય રજૂ કર્યું ત્યારે ચર્ચે એ સ્વીકારવાનો ઈનકાર કરી દીધેલો. એટલું જ નહિ, પણ આવી વાત કહેવા બદલ ગેલીલિયોને નજરકેદ રખાયા. મૃત્યુ બાદ મહાન ખગોળશાસ્ત્રીને એક સાધારણ કબરમાં દફનાવી દેવામાં આવ્યો.કાળક્રમે ગેલીલિયોની શોધ સાચી ઠરી પછી તો અનેક લોકો એના ચાહકો પણ બન્યા. ગેલીલિયોની કબરને એક મ્યુઝિયમમાં ખસેડવામાં આવી. આ દરમિયાન ગેલીલિયોના એક ચાહકે 'યાદગીરી' તરીકે ખગોળશાસ્ત્રીના જમણા હાથની વચલી આંગળી કાપીને પોતાની પાસે રાખી લીધી! હાલમાં આ આંગળી ફ્લોરેન્સમાં આવેલા ગેલીલિયોના નામથી જ ઓળખાતા મ્યુઝિયમમાં રાખવામાં આવી છે.અંગોના આ લિસ્ટમાં માત્ર વૈજ્ઞાનિકો જ સામેલ હોય એવું નથી. રાજકારણીઓ અને ધર્મગુરુઓ પણ એમાં છે. વિશ્ર્વના સૌથી ઈજ્જતદાર રાજકારણીઓમાં જેની ગણના થાય છે, એવા ભૂતપૂર્વ અમેરિકી પ્રમુખ અબ્રાહમ લિંકનની હત્યા કરવામાં આવેલી. લિંકન એક થિયેટરમાં શો જોવા ગયા, જ્યાં હત્યારાએ ગોળી મારીને લિંકનની ખોપરી વીંધી નાખી. લિંકન તો ગુજરી ગયા, પણ એમની અંત્યેષ્ઠી પહેલા પેલી બુલેટ તો ખોપરીમાંથી બહાર કાઢવી પડે ને! આ માટેના ઓપરેશન દરમિયાન બુલેટ બહાર કાઢવાના ચક્કરમાં તૂટેલી ખોપરીની કેટલીક કરચો પણ બુલેટ સાથે બહાર આવી ગઈ.અંત્યેષ્ઠી માટે લિંકનનું શરીર ઓથોરિટીઝને સોંપવામાં આવ્યું, ત્યારે ખોપરીની આ કરચો નહોતી સોંપાઈ. પાછળથી લિંકનનો જીવ લેનારી પેલી બુલેટની સાથે અમેરિકાના સૌથી લોકપ્રિય – સૌથી મહાન પ્રમુખની ખોપરીની કરચો પણ મ્યુઝિયમમાં રાખવામાં આવી છે.ફ્રાન્સના રાજા હેન્રી ચોથાની વાત જરા જુદી છે. બર્બોન વંશના સ્થાપક તરીકે જાણીતા હેન્રી ચોથાની ગણના એક સારા રાજવી તરીકે થાય છે. પણ ફ્રેંચ ક્રાંતિ દરમિયાન બનેલી હિંસક ઘટનાઓએ ઘણીવાર સારાસારનો વિવેક વિસારે પાડી દીધેલો. હેન્રી ચોથાને મૃત્યુ બાદ દફન કરાયો, એની બે સદી પશ્ચાત ફ્રેંચ ક્રાંતિ થઈ. અને કેટલાક ક્રાંતિકારીઓએ કારણ વગર હેન્રી ચોથાની કબર ખોદી કાઢી! એટલું જ નહિ, પણ એના મૃત શરીરથી માથું અલગ કરી દેવામાં આવ્યું! બસો વર્ષ પહેલા મરી ગયેલા આ માણસનો વાંક કદાચ એટલો જ હતો કે એ રાજવંશી હતો, પણ આ રીતે એની લાશનું માથું કાપનારને કઈ જાતનો સંતોષ મળ્યો હશે, એ તો રામ જાણે!એ હિચકારી ઘટના પછી હેન્રીનું માથું (હકીકતે ખોપરી) જુદા જુદા 'કલેક્ટર્સ' (સંગ્રાહકો) પાસે ફરતું રહ્યું. ઠેઠ ૨૦૧૦માં આ ખોપરી વૈજ્ઞાનિકો પાસે પહોંચી, ત્યાં સુધીમાં તો એની ઓળખ ભૂંસાઈ ગયેલી. કેટલાક સાંયોગિક પુરાવાઓને આધારે સંશોધકોએ તપાસ કરી તો જાણવા મળ્યું કે ખોપરી સાથેનું ડેથ માસ્ક હેન્રી ચોથાનું તસ્વીર સાથે મેળ ખાતુ હતું. આખરે ઓળખ પાકી થયા બાદ ફરી એક વાર હેન્રીની કબર ખોદવામાં આવી, અને માથાને યોગ્ય સ્થાને ગોઠવીને બાકીના શરીર સાથે વધુ એક વાર દફન કરવામાં આવ્યું.ભારતમાં પણ ધર્મગુરુઓના અવશેષો જાળવી રાખવાની ઘટનાઓ બની છે. ગોવા ખાતે ખ્રિસ્તી ધર્મના પ્રચારક ફ્રાન્સિસ ઝેવિયરનું પાર્થિવ શરીર હજી સાચવી રાખવામાં આવ્યું છે. કાશ્મીરમાં હઝરતબલ દરગાહ ખાતે ઈસ્લામના નબી મોહમ્મદ પયગમ્બરની દાઢીનો એક વાળ સાચવી રખાયો હોવાનું કહે છે. ભારતમાં ઉદય પામીને બૌદ્ધ ધર્મ અનેક દેશોમાં ફેલાયો. ગૌતમ બુદ્ધના મૃત્યુ પછી એમના પાર્થિવ શરીરને અગ્નિસંસ્કાર અપાયા, એમાં શરીર તો રાખ થઈ ગયું પણ એક દાંત બચી ગયો. ભાવકોએ આજદિન સુધી આ દાંતને શ્રીલંકાના કેન્ડી ખાતે સોનાના કવરમાં જાળવી રાખ્યો છે.પઅને સમ્રાટ નેપોલિયન તથા રશિયાનો રાસ્પુટિન! આ બંનેએ પોતાના જીવનકાળ દરમિયાન મોટી સંખ્યામાં ચાહકો અને એટલી જ મોટી સંખ્યામાં દુશ્મનો પેદા કરી નાખ્યા હતા.



# રાજામૌલિનું પ્રિયંકા અને મહેશ બાબુ સાથે કેન્યાનું શૂટ રદ થયું

## રાજામૌલિ તાન્ઝાનિયામાં સેટ બનાવવાના વિકલ્પો શોધી રહ્યા છે

ફિલ્મ ડિરેક્ટર એસ.એસ. રાજામૌલિ એક મોટા બજેટની જંગલ એડવેન્ચર ફિલ્મ બનાવી રહ્યા હોવાના અહેવાલ અવાર નવાર આવી રહ્યા છે, જેમાં પ્રિયંકા ચોપરા અને મહેશ બાબુ લીડ રોલમાં છે. તેમણે આ ફિલ્મ માટે હૈદ્રાબાદમાં અને ઓરિસ્સામાં શૂટ કરી લીધું હોવાના પણ અહેવાલો આવ્યા છે. જોકે, હજુ સુધી રાજામૌલિની ટીમ, પ્રિયંકા કે મહેશબાબુ તરફથી આ અંગે કોઈ જ વાત કરવામાં આવતી નથી. એવા અહેવાલ હતા કે ભારતનું શૂટ કરીને તેઓ કેન્યા જવા રવાના થયા હતા.

પરંતુ હવે એવા અહેવાલો છે કે અચાનક જ રાજામૌલિએ કેન્યાનું શૂટિંગ રદ્દ કરી દીધું છે અને તેઓ શૂટિંગનું સ્થળ પણ બદલી રહ્યાં છે. આફ્રિકાના દેશોમાં અજંપાભરી સ્થિતિને કારણે તેઓ ત્યાં શૂટ કરી શકે તેમ નથી. શરૂઆતમાં તેઓ જુલાઈ મહિનામાં કેન્યામાં શૂટ શરૂ કરવાના હતા, પરંતુ તાજેતરના અહેવાલો અનુસાર સરકાર વિરોધી આંદોલનો અને જનતાની અજંપાભરી સ્થિતી ધીરે ધીરે વધી રહી છે, ત્યારે ફિલ્મની ટીમે ક્રૂ અને કલાકારોને પ્રાથમિકતા આપવાનું વિચાર્યું અને તેઓ અન્ય દેશમાં શૂટ કરી શકાય એવા સ્થળોના વિકલ્પો શોધી રહ્યા છે.

એવી ચર્ચા છે કે રાજામૌલિ હવે સાઉથ આફ્રિકા અને તાન્ઝઆનિયામાં શૂટ કરવાના વિકલ્પો શોધી રહ્યા છે, જ્યાં તેમની કલ્પના અને ઇચ્છા મુજબના ભૌગોલિક સ્થળો અને વિસ્તારો મળી રહેશે. ફિલ્મના એક ક્રૂ મેમ્બરના જણાવ્યા અનુસાર, ‘‘રાજામૌલિ સર સ્પષ્ટ હતા કે એમને એવા સ્થળોમાં શૂટ કરવું છે, જે ભારતીય સિનેમામાં પહેલાં ક્યારેય જોવા ન મળ્યા હોય. તાન્ઝાનિયાના પહાડો અને સાઉથ આફ્રિકાના કેટલાક હિસ્સા તેમાં બંધ બેસે છે.’’ આ અહેવાલોમાં આગળ એવું પણ જણાવાયું છે કે પ્રોડક્શન ટીમ

હવે અન્ય સ્થળો પર શૂટ કરવાના વિકલ્પો શોધી રહી છે. જો તેમને શૂટ માટે મંજુરી મળી હઈ તો તેઓ જુલાઈના ત્રીજા અઠવાડિયા સુધીમાં સાઉથ આફ્રિકામાં શૂટ શરૂ કરી દેશે. રાજામૌલિની આગળની ફિલ્મ ‘બાહુબલી’ અને ‘આરઆરઆર’ને વિશ્વ કક્ષાએ મળેલ સફળતાને કારણે આ ફિલ્મ પાસે પણ ઘણી અપેક્ષાઓ છે.

૧૦ રાજ્યોમાં ૧૭ ઈમિગ્રેશન જજની હકાલપટ્ટી

શિંગ્ટનઃ યુએસમાં સામૂહિક દેશનિકાલની કાર્યવાહીને ઝડપી બનાવવા અને લોકોને કાયદાકીય હકથી વંચિત રાખવાના ઈરાદે ટ્રમ્પ તંત્રે તાજેતરમાં ૧૦ રાજ્યોમાં ૧૭ ઈમિગ્રેશન કોર્ટના જજની હકાલપટ્ટી કરી છે. ઈમિગ્રેશન કોર્ટ જજ તથા અન્ય પ્રોફેશ્નલ્સનું પ્રતિનિધિત્વ કરતા વ્યવસાયિક અને ટેક્નિકલ ઈજનેરોના આંતરરાષ્ટ્રીય સંઘે જણાવ્યું કે, જે ૧૫ ઈમિગ્રેશન જજને કોઈ કારણ વગર જ હટાવાયા તે કેલિફોર્નિયા, ઇલિયોઇસ, લ્યુઈસિયાના, મેરિલેન્ડ, માશાચ્યુસેટ્સ, ન્યૂ યોર્ક, ઓહાયો, ટેક્સાસ, ઉટાહ અને વર્જિનિયામાં કાર્યરત હતા.



# વરુણ ધવન અને જહાન્વીની ફિલ્મની રિલીઝ ૨ ઓક્ટોબર સુધી પાછી ઠેલાઈ

વરુણ ધવન અને શશાંક ખૈતાનની જોડી ફિલ્મમાં અત્યાર સુધીમાં સફળ રહી છે, તેમની ‘હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા’ ૨૦૧૪માં આવી હતી અને ‘બદ્રીનાથ કી દુલ્હનિયા’ ૨૦૧૭માં આવી હતી. હવે આ જોડી ત્રીજી ફિલ્મ સાથે આવી રહી છે, ‘સન્ની સંસ્કારી કી તુલસી કુમારી’. વરુણ ધવન સાથે આ ફિલ્મમાં જહાન્વી કપૂર લીડ રોલમાં છે. આ ફિલ્મ પહેલાં ૧૨ સપ્ટેમ્બરે રિલીઝ થવાની હતી.

હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મ હવે ૨ ઓક્ટોબર સુધી પાછી ઠેલાઈ છે. સુત્ર દ્વારા માહિતી મળી છે કે, ‘‘સન્ની સંસ્કારી કી તુલસી કુમારી પોસ્ટપોન થઈ છે. હવે આ ફિલ્મ ૨ ઓક્ટોબરે રિલીઝ થશે. ફિલ્મના પ્રોડ્યુસર કરણ જોહર અને ટીમને આ સમય રિલીઝ માટે યોગ્ય લાગે છે. આ વર્ષે ગાંધી જયંતિ અને દશેરા એક જ દિવસે છે, તેથી તહેવારોના દિવસોમાં વધુ લોકો ફિલ્મ જોવા જશે, બીજું કે, દિવાળી સુધી આ ફિલ્મ સામે હરિફાઈમાં બીજી કોઈ ફિલ્મ આવશે નહી. આમ આ ફિલ્મને ત્રણ અઠવાડિયા સુધી એકલા જ બોક્સ ઓફિસ પર રાજ કરવા મળશે.’’

છતાં આ ફિલ્મ સામે ‘કંતારાઃ અ લિજેન્ડ – ચેપ્ટર ૧’ અને હર્ષવર્ધન રાણેની ‘એક દિવાને કી દિવાનિયત’ ફિલ્મ પણ રિલીઝ થવાની છે. બીજું એક ફિલ્મની રિલીઝ પાછી ઠેલાવાથી જહાન્વીની બે ફિલ્મની રિલીઝ વચ્ચે પણ અંતર જળવાઈ રહેશે. તેની ‘પરમ સુંદરી’ ૨૯ ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે. બીજી તરફ વરુણ ધવન પાસે ૨૦૨૫માં એક માત્ર ફિલ્મ રિલીઝ થઈ રહી છે, ‘સન્ની સંસ્કારી કી તુલસી કુમારી’. તેની ‘બોર્ડર ૨’ ૨૦૨૬ના પ્રજાસત્તાક દિને રિલીઝ થવાની છે. વરુણ અને જહાન્વીની ફિલ્મમાં અક્ષય ઓબેરોય, રોહિત સરાફ, સાન્યા મલ્હોત્રા અને મિનષ પોલ પણ મહત્વના રોલમાં જોવા મળશે.

# વિદ્યુત જામવાલનું હોલિવૂડમાં ડેબ્યુ શાંત અને શક્તિશાળી યોગી બનશે



## સ્ટ્રીટ ફાઈટર યુનિવર્સમાં ધલસિમનો રોલ કરશે


એક્શન ફિલ્મ માટે જાણીતો કલાકાર વિદ્યુત જામવાલ હવે હોલિવૂડમાં ડેબ્યુ કરવા જઇ રહ્યો છે. તેકેપકોમ વીડિયો ગેમ ફ્રેન્ચાઈઝી આધારીત સ્ટ્રીટ ફાઇટર પરથી બની રહેલી એક ફિલ્મ છે, જે લિજેન્ડરી એન્ટરટેઇન્મેન્ટની લાઇવ એક્શન ફિલ્મ હશે. વિદ્યુત આ ફિલ્મમાં ધલસિમનું પાત્ર કરશે. આ રોલ વિદ્યુત જામવાલની કેરિઅર માટે પણ મહત્વનનો છે, તેના હોલિવૂડ ડેબ્યુની ઘણા સમયથી રાહ જોવાતી હતી.

આ ફિલ્મ બેડ ટ્રિપથી જાણીતા ડિરેક્ટર કિતાઓ સકુરાઈ દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે, આ ફિલ્મના પ્લોટ અંગે હજુ સુધીમાં કોઈ વધુ માહિતી જાહેર થઈ નથી. આ ફિલ્મની કાસ્ટ નક્કી થઈ છે, તે ઘણી પ્રભાવશાળી છે. આ ફિલ્મમાં એન્ડ્રુ કોજી યુંના રોલમાં, નોઆ સેન્ટેનિયો કેનના રોલમાં, કોલિના લિઆંગ ચુન લિના રોલમાં અને જેસન મોમ્વા બ્લાંકાના રોલમાં જોવા મળશે. વિદ્યુત જામવાલ એક એવા યોગીના રોલમાં હશે, જે શાંત હોવા છતાં આગ જેટલો શક્તિશાળી છે, તે ધલસિમનું પાત્ર કરશે, જે સ્ટ્રીટ ફાઇટર યુનિવર્સ સાથે જોડાયેલો છે.

તે માર્શલ આર્ટનો પણ જાણકાર છે, ફિલ્મમાં પણ અને વાસ્તવિક જીવનમાં પણ. વિદ્યુત જામવાલ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પણ પોતાના સ્ટંટ સીન પોતે જ શૂટ કરવા માટે જાણીતો છે, તેની આ સ્કિલનું ઉદાહરણ તેની ‘કમાન્ડો’ અને ‘ખુદા ગવાહ’માં પણ જોવા મળ્યું છે. ધલસિમનું તેનું પાત્ર પણ તેના વ્યક્તિત્વનું જ એક સ્વરૂપ છે, જેમાં આધ્યાત્મિક ઊંડાણ અને શારિરીક તાકાત જોવા મળે છે.

આ ફિલ્મની વાર્તા અંગે તો કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. પરંતુ તેમાં ઓરિજીનલ ગેમ સિરીઝના વિષયને વળગી રહેવાનું નક્કી થયુ છે, તેમાં એક ગ્લોબલ ફાઇટિંગ ટુર્નામેન્ટ દર્શાવાશે, જે એમ બાયસન દ્વારા તૈયાર કરવામાં આવી છે.

આ ફિલ્મ સ્ટ્રીટ ફાઇટર ફ્રેન્ચાઇઝી પર આધારીત છે, જે ૧૯૮૭માં લોંચ કરવામાં આવી હતી, એ આજે પણ સફળ છે અને ગેમની દુનિયામાં લોકપ્રિય છે, જેના અત્યાર સુધીમાં ૫૫ મિલિયન યુનિટ વેચાઈ ગયા છે. આ પહેલાં પણ આ સિરીઝ પરથી ફિલ્મ બનાવવાના પ્રયત્ન થયા છે.




# દિનેશ વિજાન ‘વૉર ૨’ સાથે આયુષ્માન અને રશ્મિકાની ‘થામા’નું ટીઝર લોંચ કરશે

કોવિડ પછી દિનેશ વિજાને પોતાનું હોરર કોમેડી યુનિવર્સ વિકસાવ્યું છે. જેમાં ભેડિયા, મુંજ્યા અને સ્ત્રી ૨ જેવી ફિલ્મ આવી છે. હવે ફરી ૨૦૨૫ની દિવાળી પર ઓડિયન્સને આ યુનિવર્સની વધુ એક ફિલ્મ થામા રિલીઝ થઈ રહી છે. તેમાં આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદાના લીડ રોલમાં જોવા મળશે. આ ઉપરાંત તેમાં પરેશ રાવલ અને નવાઝુદ્દીન સિદ્દિકી જેવા કલાકારો પણ મહત્વના રોલમાં હશે. દિનેશ વિજાનની આ ફિલ્મ સાથે જોડાયેલા સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, દિનેશ વિજાન સ્વાતંત્ર્ય દિવસના વીકેન્ડ પર થામાનું ટીઝર લોંચ કરશે.

સુત્રએ જણાવ્યું છે, ‘‘દિનેશ વિજાન રિતિક રોશન અને જુનિયર એનટીઆરની વૉર ૨ સાથે સ્વાતંત્ર્ય દિવસના વિકેન્ડમાં થામાનું ટીઝર લોંચ કરવા માટે દેશભરનાં એક્ઝિબિટર્સ સાથે વાત કરી રહ્યા છે. તેઓ સહમત પણ થયા છે આ યુનિવર્સની વધુ એક ફિલ્મનાં પ્રકરણની ઝલક બતાવવા ઉત્સુક છે. ‘‘ સુત્રએ આગળ એવું પણ જણાવ્યું કે થિયેટરમાં ફિલ્મ જોવા જતાં ઓડિયન્સને આ ફિલ્મની ઝલક મોટા પડદે બતાવાય અને તેમને જાણ કરવામાં આવે કે ફિલ્મ દિવાળી પર રિલીઝ થઈ રહી છે. અન્ય એક સુત્ર પાસેથી મળતી માહિતી અનુસાર, થામાનું ટીઝર એવું હશે જે જોઈને લોકોનું મગજ ચકરાઈ જશે, કારણ કે તે દર્શકોને અલગ જ દુનિયામાં લઈ જશે. આ હિન્દી સિનેમાની પહેલી વેમ્પાયર ફિલ્મ છે, જેમાં એ લિસ્ટનાં કલાકારો છે. મેડોકની અન્ય ફિલ્મની જેમ કોમેડી અને થ્રિલથી ભરપુર હશે. આ ફિલ્મમાં વરુણ ધવનનો એક કેમિયો પણ જોવા મળશે. કારણકે વરુણ ધવનની મેડોકની ફિલ્મ ભેડિયાના ડિરેક્ટર આદિત્ય સતપોદાર આગળ જઈને વેમ્પાયર વર્સીસ વેરવુલ્ફની વાત આ યુનિવર્સમાં સમાવવા માગે છે.

# રાષ્ટ્રીય ચેતનાને જગાવતી ગુજરાતી ફિલ્મ ‘વિશ્વગુરુ’નું ટ્રેલર લોન્ચ થયું

ગુજરાતી ફિલ્મ જગત માટે એક અનોખું પાનું બનાવતી અને રાષ્ટ્રપ્રેમને આધુનિક દષ્ટિકોણથી રજૂ કરતી ફિલ્મ ‘વિશ્વગુરુ’ નો ટ્રેલર બુધવારે થલતેજ પીવીઆર ખાતે લોન્ચ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ફિલ્મના કલાકારો, દિગ્દર્શકો, નિર્માતાઓ તેમજ અનેક સીનેપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ટ્રેલર લૉન્ચ પ્રસંગે ફિલ્મના પ્રખ્યાત કલાકાર મુકેશ ખન્ના, સોનુ ચંદ્રપાલ, રાજીવ મહેતા, તેમજ ફિલ્મના દિગ્દર્શક શૈલેષ બોઘાણી અને અતુલ સોનાર, નિર્માતા સતીશ પટેલ અને એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર કશ્યપ કપટા ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રેલરમાં દર્શાવવામાં આવેલું છે કે કેવી રીતે એક રાષ્ટ્ર જ્યારે આંતરિક વિખંડન, ભ્રષ્ટાચાર અને અધૂરી વિચારસરણીઓ સામે ઊભું રહે છે ત્યારે અસલપણે ‘‘વિશ્વગુરુ’’ બનવા તરફ આગળ વધી શકે છે. ધારદાર સંવાદો, સ્પર્શી જાય એવા દ્રશ્યો અને સંસ્કૃતિથી ઓતપ્રોત વાર્તા ટ્રેલરને ખૂબ જ અસરકારક બનાવે છે. ફિલ્મનું લેખન કિરીટ ભાઈ અને અતુલ સોનારનું છે. ફિલ્મને સુક્રિત પ્રોડક્શન અને સ્વસ્તિક મોશન પિક્ચર્સ દ્વારા રજૂ કરાશે.

વિશ્વગુરુમાં ગૌરવ પાસવાલા, કૃષ્ણ ભરદ્વાજ, મુકેશ ખન્ના, મકરંદ શુક્લ, શ્રદ્ધા ડાંગર, સોનુ ચંદ્રપાલ, હિના જયકિશન, રાજીવ મહેતા, ધર્મેશ વ્યાસ, જાની ભાવિની, ચેતન દૈયા, સોનાલી લેલે અને કુરૂષ દેબૂ સહિતના જાણીતા કલાકારો છે.

ફિલ્મનું સંગીત મેહુલ સુરતી દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું છે. પાર્થ તર્પારાએ લિરિક્સ લખ્યા છે.

# ‘લવ એન્ડ વોર’માં થશે રણબીર અને વિકી વચ્ચે મોટી ટક્કર

## ‘લવ એન્ડ વોર’ બાબતે રણવીર સિંહ અને ભણસાલી વચ્ચે વાંધો પડ્યાના અહેવાલો


હાલ સંજય લીલા ભણસાલી વિકી કૌશલ, રણબીર કપૂર અને આલિયા ભટ્ટ સાથે ‘લવ એન્ડ વૉર’નું શૂટ કરી રહ્યા છે. આ ફિલ્મને ભણસાલીનો અત્યાર સુધીનો સૌથી મહત્વાકાંક્ષી અને મોટો પ્રોજેક્ટ માનવામાં આવે છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મમાં બે કલાકારો વચ્ચેનો એક ઐતિહાસિક એક્શન સીન જોવા મળશે.

ઇન્ડસ્ટ્રીના સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ‘લવ એન્ડ વૉર’માં રણબીર અને વિકીના પાત્રો વચ્ચે એક મોટી ટક્કર જોવા મળશે. તેને ભારતીય સિનેમાની સૌથી મહત્વની અને યાદગાર સિક્વન્સ ગણવામાં આવી રહી છે. આ સીન માટેની તૈયારીઓ મોટા પાયે કરવામાં આવી છે અને તેનું શૂટ એક ખાનગી સ્થળ પર થઈ રહ્યું છે. એવી પણ ચર્ચા છે કે આ સીન એક ભવ્યાતિભવ્ય સિનેમેટિક ઇવેન્ટ બની રહેશે. સૂત્રએ જણાવ્યા અનુસાર, ‘‘બે પાવરહાઉસ એક્ટર વિકી અને રણબીર ભણસાલીના કેન્વાસ પર એકબીજા સાથે બાથ ભીડશે, આ એક એવો સીન હશે, જે દર્શકોએ આ પહેલાં ક્યારેય જોયો નહીં હોય.’’

ભણસાલી તેમના ભવ્ય સેટ અને કલાત્મક સિક્વન્સ માટે જાણીતા ડિરેક્ટર અને પ્રોડ્યુસર છે, પછી તે દેવદાસનો ઐશ્વર્યા અને શાહરુખ વચ્ચેનો ક્લાઈમેક્સ હોય કે પછી પદ્માવતનો જોહરનો સીન હોય. લવ એન્ડ વૉર તેનાથી પણ વધારે ઉંચા સ્તર પર લઈ જશે.

એવી ચર્ચા છે કે લવ એન્ડ વૉરમાં ૬૦થી ૭૦ના દાયકાની સ્ટોરી છે અને તેમાં પ્રણય ત્રિકોણ અને સંઘર્ષની વાત છે. એવી પણ ચર્ચા છે કે તેઓ બંને એર ફોર્સ પાયલોટનો રોલ કરશે. એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મ રાજ કપૂરની ફિલ્મ સંગમથી પ્રેરિત છે, પરંતુ તાજેતરના એક ઇન્ટરવ્યૂમાં ભણસાલીએ આ વાતને નકારી કાઢી હતી. જાન્યુઆરી ૨૦૨૪માં લવ એન્ડ વૉરની જાહેરાત થઈ હતી, આ ફિલ્મ માર્ચ ૨૦૨૬માં રિલીઝ થવાની છે.





### ભણસાલીને રણવીર સિંહ સાથે શું વાંધો પડ્યો?

ભણસાલીની આ ફિલ્મની રાહ તો આતુરતાથી જોવાય છે, ભણસાલીનો એક અલગ દર્શક વર્ગ છે, પરંતુ તાજેતરમાં આ ફિલ્મ થોડાં અલગ કારણોસર પણ ચર્ચામાં છે, ભણસાલી રણબીર કપૂર, આલિયા અને વિકી કૌશલ સાથે આ ફિલ્મ બનાવી રહ્યા છે. આ પહેલાં તેમણે અને રનવીર સિંહે સાથે મળીને રામલીલા, બાજીરાવ મસ્તાની અને પદ્માવત જેવી બેક ટુ બેક ત્રણ સફળ ફિલ્મ આપી હતી. ત્યારે નવી ફિલ્મ માટે રણવીરને ન લેવાતા તેને ભણસાલીથી માઠું લાગ્યું હોવાની ચર્ચા છે. એવી ચર્ચા છે કે, રણવીરને ભણસાલી સાથે વાંધો પડ્યો છે. કેટલાંક અહેવાલો મુજબ ભણસાલીએ રનવીરને આ ફિલ્મ ઓફર તો કરી હતી, પરંતુ તેને સેકન્ડ લીડ રોલ કરવામાં રસ નહોતો એટલે આ રોલ વિકી કૌશલને આપી દેવાયો. તેથી બંને વચ્ચે વાંધો વધી રહ્યો છે, એટલે સુધી કે રનવીરે પોતાના ૪૦મા જન્મદિવસની ઉજવણીમાં સંજય લીલા ભણસાલીને આમંત્રણ આપ્યું નહોતું. આ અંગેના અહેવાલોમાં સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ‘‘૬ જુલાઈએ રનવીરે પોતાનો ૪૦મો જન્મ દિવસ ઉજવ્યો, જેમાં તેણે એક ગેટ ટુગેધર રાખ્યું હતું, જ્યાં તેણે પોતાના નજીકના મિત્રોને આમંત્રણ આપ્યું હતું. તેમાં રનવીરને સુપરસ્ટાર બનાવતી ફિલ્મો આપનાર ભણસાલીને આમંત્રણ પણ અપાયું નહોતું. તેનો અર્થ એવો થયો કે તેઓ હવે નજીકના મિત્રો પણ રહ્યાં નથી. એવા પણ અહેવાલો હતા કે રણવીર સિંહ અને ભણસાલી આલિયા સાથે બૈજુ બાવરા બનાવશે. પરંતુ હાલ ભણસાલી બધું જ ધ્યાન લવ એન્ડ વૉર પર આપવા માગે છે. જોકે, આ અંગે બંનેમાંથી એક પણ પક્ષ તરફથી કોઈ જ નિવેદન આવ્યા નથી. ’’ જો રણવીર સિંહની ફિલ્મની વાત કરવામાં આવે તો તેની ધુરંધરનું ટ્રેલર લોંચ થઈ ચૂક્યું છે અને ફિલ્મ ૫ ડિસેમ્બરે રિલીઝ થવાની છે.

# રિશભ પંતની ઇજા ગંભીર નથી, માન્ચેસ્ટરમાં રમી શકે છેઃ શુભમન ગિલ




ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસે છે અને પાંચ ટેસ્ટની સિરીઝમાં અત્યારે ૧-૨થી પાછળ છે ત્યારે સિરીઝ જીવંત રાખવા માટે તેણે માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાનારી ચોથી ટેસ્ટ જીતવી જરૂરી બની ગયું છે. ત્રીજી ટેસ્ટ દરમિયાન ભારતીય ટીમનો આધારભૂત ક્રિકેટર રિશભ પંત ઘાયલ થયો હતો અને તે કીપિંગ કરી શક્યો ન હતો. જેનું પરિણામ ભારતે ભોગવવું પડ્યું હતું. હવે પ્રવાસી ટીમના કેપ્ટન શુભમન ગિલનું માનવું છે કે રિશભ પંત સમયસર ફિટ થઈ જશે અને ચોથી ટેસ્ટમાં રમી શકશે.

ભારતીય કેપ્ટન શુભમન ગિલે જણાવ્યું હતું કે કીપર-બેટર રિશભ પંતની ઈજા એટલી બધી ગંભીર નથી. તે ૨૩મીથી શરૂ થઈ રહેલી ઈંગ્લેન્ડ સામેની ઓલ્ડ ટ્રેફોર્ડ ટેસ્ટ સુધીમાં ફિટ થઈ શકે છે. સ્કેન રિપોર્ટમાં પંતના ડાબા હાથની આંગળીમાં ગંભીર ઈજાની પૃષ્ટિ થઈ નથી. રિશભ પંતને લૉર્ડ્સ ટેસ્ટની પ્રથમ ઈનિંગ્સ દરમિયાન ઈજા થઈ હતી. તે જસપ્રિત બુમરાહના એક બોલને લેગ સાઈડ પર રોકવાના પ્રયાસમાં ઈજાગ્રસ્ત થયો હતો. આંગળી પર બોલ વાગતા ફિઝિયો મેદાન પર દોડી આવ્યા હતા. જોકે ત્યાર બાદની મેચમાં એક્સ્ટ્રા વિકેટકીપર ધ્રુવ જુરેલે કીપિંગ કર્યું હતું.ભારતને ત્રીજી ટેસ્ટમાં વિકેટકીપર તરીકે પંતની ખોટ પડી હતી કેમ કે તેણે બેટિંગ તો કરી જ હતી પરંતુ વિકેટ પાછળ તેની કાબેલિયતની જરૂર હતી ત્યારે તેને સ્થાને આવેલા જુરેલે લગભગ ૨૫ રન બાયના સ્વરૂપમાં આપી દીધા હતા.ઈંગ્લેન્ડના ૧૯૨ રનના સ્કોરમાં આ ૨૫ બાયના રન ભારતને મોંઘા પડ્યા હતા કેમ કે અંતે તેનો ૨૨ રનથી પરાજય થયો હતો. આ દરમિયાન ઈંગ્લેન્ડે અનુભવી લેફ્ટ આર્મ સ્પિનર લિયાન ડાઉસનને આઠ વર્ષ બાદ ફરી ટેસ્ટ ટીમમાં તક આપી છે. તેને ચોથી ટેસ્ટમાં શોએબ બશીરના સ્થાને સામેલ કરાયો છે. બશીરને ત્રીજી ટેસ્ટની પ્રથમ ઈનિંગ્સમાં ફિલ્ડિંગ કરતા ઈજા થઈ હતી.

# કરુણ નાયર તકનો લાભ લઈ શક્યો નહીં, ચોથી ટેસ્ટમાંથી બાકાત થઈ શકે છે



ભારતીય ટીમ ૨૩મી જુલાઈથી માન્ચેસ્ટર ખાતે ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટમાં રમવા ઉતરશે ત્યારે અંતિમ ઈલેવનમાં જો કોઈ એકાદ ફેરફાર થશે તો તે કરુણ નાયરની બાદબાકી હશે.

આઠ વર્ષ બાદ ભારતની ટેસ્ટ ટીમમાં પુનરાગમન પ્રાપ્ત કરનારા કરુણ નાયર પાસેથી મોટી અપેક્ષા રખાતી હતી કેમ કે તેણે ડોમેસ્ટિક સિઝનમાં વિદર્ભ માટે રમીને રનના ઢગલાં ખડક્યા હતા પરંતુ ૩૩ વર્ષનો આ બેટર અત્યાર સુધીની સિરીઝની છ ઈનિંગ્સમાં ૪૦ના સર્વોચ્ચ સ્કોરથી આગળ વધી શક્યો નથી. આ દરમિયાન તેણે ૧૩૧ રન ફટકાર્યા છે. નાયર લગભગ તમામ ઈનિંગ્સમાં તો શરૂઆત સારી રીતે કરતો આવ્યો છે પરંતુ કમનસીબે તેને મોટી ઈનિંગ્સમાં ફેરવી શક્યો નથી. નાયર સીધા બોલને તો સારી રીતે ડ્રાઈવ કરી શકે છે પરંતુ ઉછળતા બોલ તેની ખામી રહી છે અને આ ખામી ઈંગ્લેન્ડના બોલર્સે સારી રીતે પકડી લીધી છે જેને કારણે દરેક ઈનિંગ્સમાં તે ઉછળતા બોલ સામે થાપ ખાઈ જતો જોવા મળ્યો છે.લોર્ડ્ઝ ખાતેની ત્રીજી ટેસ્ટમાં બ્રાયડન કાર્સેના બોલમાં તે કોઈ શોટ રમી શક્યો ન હતો અને લેગબિફોર થયો હતો. ભારતના ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ પણ આ ખામી પ્રત્યે ધ્યાન દોર્યું હતું અને લોર્ડ્ઝમાં ભારતના ૨૨ રનથી થયેલા પરાજય માટે નાયરની વિકેટને કારણભૂત દર્શાવી હતી.

ત્રીજા ક્રમે રમવા આવતા બેટર પાસેથી અને ખાસ કરીને નાયર પાસેથી ભારત મજબૂત, મક્કમ અને લાંબી ઈનિંગ્સની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે પરંતુ આ બાબતમાં નાયર દર વખતે નિષ્ફળ રહ્યો છે. નાયરે લગભગ આઠ વર્ષ અગાઉ ઈંગ્લેન્ડ સામે જ ચેન્નાઈ ખાતે રમતાં ટેસ્ટ ઈનિંગ્સમાં ત્રેવડી સદી ફટકારી હતી.

# ૬,૬,૬,૬,૬પએક ઓવરમાં ૫ છગ્ગા, ૩૯૦ નો સ્ટ્રાઇક રેટ, કેરેબિયન બેટ્સમેનની ધૂંઆધાર બેટિંગ!



ગ્લોબલ સુપર લીગ ૨૦૨૫ વેસ્ટ ઈન્ડિઝની ધરતી પર આયોજિત થઈ રહી છે. ટુર્નામેન્ટની ૯મી મેચમાં, ગુયાના એમેઝોન વોરિયર્સનો હોબાર્ટ હરિકેન્સ સાથે મુકાબલો થયો. ગુયાનાના બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું અને આખી હોબાર્ટ ટીમને ફક્ત ૧૨૫ રનમાં ઓલઆઉટ કરી દીધી.

જોકે, શિમરોન હેટમાયરે ખરેખર તેની તોફાની બેટિંગથી દરેકને ચોંકાવી દીધા હતી. હેટમાયરે ફક્ત ૧૦ બોલમાં મેચની વાર્તા સંપૂર્ણપણે બદલી નાખી. ૩૯૦ ના સ્ટ્રાઈક રેટથી રમતા, હેટમાયરે વિરોધી ટીમના બોલિંગ આક્રમણને ગડબડ કરી દીધી. કેરેબિયન બેટ્સમેને એક ઓવરમાં પાંચ સિક્સ પણ ફટકારી.

૧૨૬ રનના ટારગેટનો પીછો કરતી વખતે, ગયાનાની ટીમ ૪૨ રનના સ્કોરે ત્રણ વિકેટ ગુમાવી દેતાં મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. ટીમને ભાગીદારીની સખત જરૂર હતી. શિમરોન હેટમાયર ક્રીઝ પર આવ્યો. હેટમાયર મેદાનમાં આવતાની સાથે જ તેણે પોતાની તોફાની બેટિંગથી પોતાની છાપ છોડી દીધી. હેટમાયરએ ઈનિંગ્સની ૧૦મી ઓવર ફેંકવા આવેલા ફેબિયન એલનને નિશાન બનાવ્યું અને તેની ઓવરમાં એક પછી એક પાંચ છગ્ગા ફટકાર્યા. હેટમાયર ઓવરનો પહેલો બોલ લોંગ ઓન પર ભીડમાં મોકલ્યો, જ્યારે બીજા બોલ પર, બાઉન્ડ્રી લાઇન પર ઉભેલા ઓડિયન સ્મિથે હેટમાયરનો કેચ છોડી દીધો અને છ રન પણ આપ્યા.

હેટમાયરે ત્રીજો બોલ બાઉન્ડ્રી લાઈનની પાર ફટકાર્યો. પછીનો સિક્સર ડીપ મિડવિકેટ પર પડ્યો. હેટમાયરે પાંચમો બોલ ચૂકી ગયો, પરંતુ તે ૨ રન બનાવવામાં સફળ રહ્યો. જોકે, હેટમાયરે ફરીથી ઓવરના છેલ્લા બોલ પર સિક્સર મોકલી. આ રીતે, હેટમાયરે ફેબિયન એલનની આ ઓવરમાં કુલ ૩૨ રન બનાવ્યા. ૩૯૦ ના સ્ટ્રાઇક રેટથી રમતા, હેટમાયરે ૧૦ બોલમાં ૩૯ રન બનાવીને આઉટ થયો. તેની ઈનિંગ્સે ગુયાનાની જીત પર મહોર લગાવી અને ટીમે ૧૬.૩ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૨૬ રનનો ટારગેટ હાંસિલ કર્યો.

# વૈભવ સૂર્યવંશીની લોર્ડ્સના મેદાનમાં એન્ટ્રી, મનાવ્યો મિત્રનો જન્મદિવસ




વૈભવ સૂર્યવંશી એટલે ભારતીય અંડર-૧૯ ટીમનો એક એવો સ્ટાર ખેલાડી કે જેની ચર્ચા હાલ દેશ અને વિદેશમાં થઈ રહી છે. માત્ર ૧૪ વર્ષની ઉંમરે અંડર-૧૯ ટીમનો આ સ્ફોટક બેટ્સમેન મોટા મોટા અનુભવી બોલરો માટે માથાનો દુખાવો બની ગયો છે. ત્યારે તાજેતરમાં ભારતના આ સ્ટાર ખેલાડીએ લોર્ડ્સના ભવ્ય મેદાનની મુલાકાત લીધી હતી.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે એજબેસ્ટન ખાતે રમાયેલ બીજી ટેસ્ટ મેચમાં ભારતીય યુવા ટીમના સ્ટાર કપ્તાન શુભમન ગિલની શાનદાર રમતને જોયા બાદ ફરી એકવાર ભારતીય અંડર-૧૯ ટીમનો આ સ્ફોટક ખેલાડી પોતાની ટીમ સાથે લોર્ડ્સના મેદાનમાં પહોંચ્યો હતો. આ લોર્ડ્સનું મેદાન ચોક્કસથી આ યુવા ખેલાડીને તેના આવનારા ભવિષ્યના સપના દેખાડતું હશે. આ ખાસ મુલાકાત દરમિયાન આ સ્ટાર ખેલાડી લોર્ડ્સના ઓનર્સ બોર્ડ પર લાગેલ રેકોર્ડની યાદી તરફ પણ ધ્યાન દેતો દેખાઈ રહ્યો હતો.ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લોર્ડ્સના મેદાનમાં રમાયેલ શાનદાર ટેસ્ટ મેચ બાદ ભારતની યુવા અંડર-૧૯ ટીમના ખેલાડીઓ તેમના આવનારા ભવિષ્યની સ્પર્ધા જોવા માટે લોર્ડ્સના મેદાન ખાતે પહોંચ્યા હતા. ભારતના યુવા ખેલાડીઓની આ ખાસ મુલાકાત દરમિયાન તેમણે અંડર-૧૯ ટીમના કેપ્ટન આયુષ મહાત્રેનો જન્મદિવસ પણ લોર્ડ્સમાં ઉજવવામાં આવ્યો હતો. આ દરમિયાન તેમણે કેક કાપી હતી અને ત્યાર બાદ ટીમના સભ્યોએ લૉર્ડસના મેદાનની પણ પ્રસંશા કરી હતી.ભારતીય અંડર-૧૯ ટીમનો આ સ્ફોટક ઓપનાર હાલ ઈંગ્લેન્ડની પિચ પર કમાલ કરી રહ્યો છે. યજમાન ટીમ ઈંગ્લેન્ડના આંગણે ચાલી રહેલ આ પ્રવાસની દરેક શ્રેણીમાં હાલ ભારતનું પલડું વધારે ભારે દેખાઈ રહ્યું છે જેનું એક માત્ર કારણ છે ભારતનો યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશી. વૈભવે ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન શાનદાર રમત દેખાડી છે. યજમાન ટીમ સામે પાંચ મેચની વનડે શ્રેણીમાં વૈભવે ૭૧ ની સરેરાશથી ૩૫૫ રન બનાવ્યા છે.

# ઇંગ્લેન્ડ સામેની પ્રથમ વન-ડેમાં ભારતીય વિમેન્સનો રોમાંચક વિજય






દિપ્તી શર્માએ અડગ રમત સાથે અણનમ અડધી સદી ફટકારતાં ભારતીય વિમેન્સ ટીમે ઇંગ્લેન્ડના વર્તમાન પ્રવાસમાં વધુ એક સફળતા હાંસલ કરતાં બુધવારે રાત્રે (ભારતમાં ગુરુવારે સવારે) ઇંગ્લેન્ડ સામેની પ્રથમ વન-ડે ક્રિકેટ મેચમાં ચાર વિકેટે રોમાંચક વિજય હાંસલ કર્યો હતો. ભારતને ખરી જરૂર હતી ત્યારે દિપ્તીએ પોતાની વિકેટ બચાવીને ટીમને ટારગેટ સુધી પહોંચાડી દીધી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાઈ હતી. આ વિજય સાથે ભારતીય વિમેન્સ ટીમે સિરીઝમાં ૧-૦ની સરસાઈ હાંસલ કરી લીધી હતી.

અગાઉ ભારતીય વિમેન્સ ટીમે ઇંગ્લેન્ડ સામેની ટી૨૦ સિરીઝ ૩-૨થી જીતી હતી હવે આ સરસાઈ સાથે તે ત્રણ મેચની બીજી વન-ડેમાં શનિવારે લોર્ડ્ઝ ખાતે રમશે. અહીંના રોઝ બાઉલ ખાતે રમાયેલી પ્રથમ વન-ડેમાં પ્રથમ બેટિંગ કરતાં ઇંગ્લેન્ડે ૫૦ ઓવરમાં ૨૫૮ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ભારતે ૪૯મી ઓવર સુધી રમીને છ વિકેટ ગુમાવીને ૨૬૨ રન કર્યા હતા. ૫૦ ઓવરના વર્લ્ડ કપની તૈયારીરૂપે ભારત અહીં રમી રહ્યું છે ત્યારે આ સફળતા તેને મેગા ઈવેન્ટ માટેનો આત્મવિશ્વાસ પૂરો પાડી શકે છે. ૨૫૯ રનના ટારગેટ સામે રમતાં ભારત માટે તમામ બેટરે યોગદાન આપ્યું હતું. ખાસ કરીને દિપ્તી શર્માએ ૬૪ બોલમાં ત્રણ ચોગ્ગા અને એક સિક્સર સાથે અણનમ ૬૨ રન ફટકાર્યા હતા તો જેમિમાહ રોડ્રિગ્સે ૫૪ બોલમાં ૪૮ રન ફટકાર્યા હતા. દિપ્તી શર્મા અને જેમિમાહ વચ્ચેની પાંચમી વિકેટની ૯૦ રનની ભાગીદારી ભારતની સફળતામાં મોટું યોગદાન આપનારી રહી હતી. આ માટે બંનેએ મળીને ૧૪.૨ ઓવર બેટિંગ કરી હતી. આ બંને ઉપરાંત ઓલરાઉન્ડર અમનજોત કૌરે ઈનિંગ્સના અંત ભાગમાં ૧૪ બોલમાં ૨૦રન ફટકારી દીધા હતા. અગાઉ શેફાલી વર્માના સ્થાને ટીમમાં સ્થાન હાંસલ કરનારી ઓપનર પ્રતિકા રાવલે ૩૬ અને વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ૨૮ રન ફટકારીને પહેલી વિકેટ માટે આઠ ઓવરમાં ૪૮ રન ઉમેરી દીધા હતા. હરલિન દેઓલે પણ ૨૭ રનનું યોગદાન આપ્યું હતું.ઈંગ્લેન્ડની બેટિંગ દરમિયાન ઓપનર્સ બ્યુમોન્ટ (૦૫) અને એમી જોન્સ (૦૧) સસ્તામાં આઉટ થઈ ગઈ હતી. બંનેને ક્રાંતિ ગૌડે આઉટ કરી હતી. ત્યાર બાદ એમ્મા લેમ્બે ૩૯ અને કેપ્ટન નેટ સિવર-બ્રન્ટે ૪૧ રન ફટકાર્યા હતા પરંતુ ટીમનો સ્કોર ૨૫૦+ પહોંચાડવામાં સોફી ડન્કલેની ભૂમિકા રહી હતી. તેણે ૯૨ બોલમાં નવ ચોગ્ગા સાથે ૮૩ રન ફટકાર્યા હતા. અંતે અમનજોતની બોલિંગમાં તે આઉટ થઈ હતી. સોફી એક્લેસ્ટોન ૨૩ રન કરી શકી હતી તો ડેવિડસન રિચાર્ડ્સે ૭૩ બોલમાં ૫૩ રન ફટકાર્યા હતા.

# પુત્રીના જન્મદિવસ પર મોહમ્મદ શમી થયો ભાવુક, સોશિયલ મીડિયા પર શેર કરી ખાસ પોસ્ટ





ભારતીય સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ આ દિવસોમાં ટીમ ઈન્ડિયાથી દૂર હતો. શમી ઘણા વર્ષોથી રેડ બોલ ક્રિકેટ રમ્યો નથી, જ્યારે IPL ૨૦૨૫ માં તેનું પ્રદર્શન ખૂબ સારું નહોતું અને તેની ફિટનેસ પણ એવી દેખાતી નહોતી, જેના કારણે શમીને ઈંગ્લેન્ડ ટેસ્ટ સીરીઝ માટે ટીમમાં પસંદ કરવામાં આવ્યો ન હતો. તે જ સમયે, લાંબા સમયથી તેની પુત્રીથી દૂર રહેલા મોહમ્મદ શમીએ આજે તેના જન્મદિવસ પર એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી છે.

મોહમ્મદ શમીની પુત્રી આયરા શમી આજે તેનો ૧૦મો જન્મદિવસ ઉજવી રહી છે. જોકે, શમીતેની પુત્રી સાથે નથી કારણ કે તેની પત્ની અને પુત્રી ક્રિકેટરથી અલગ રહે છે. જોકે, તેની પુત્રીને યાદ કરતા શમીએ સોશિયલ મીડિયા પર એક ઈમોશનલ પોસ્ટ શેર કરી છે.

શમીએ પોતાની દીકરીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા લખ્યું, પ્રિય દીકરી, મને હજુ પણ તે બધી રાતો યાદ છે જ્યારે અમે જાગતા રહ્યા, હસતા રહ્યા અને તું નાચતી રહી. મને વિશ્વાસ નથી થતો કે તું આટલી ઝડપથી મોટી થઈ રહી છે, હું તારા માટે જીવનમાં સારી વસ્તુઓ ઈચ્છું છું. ભગવાન તને આજે અને હંમેશા ખુશ અને સ્વસ્થ રાખે. જન્મદિવસની શુભકામનાઓ.

મોહમ્મદ શમીએ વર્ષ ૨૦૧૪માં હસીન જહાં સાથે લગ્ન કર્યા. આ પછી, હસીન જહાંએ વર્ષ ૨૦૧૫ માં એક પુત્રીને જન્મ આપ્યો. થોડા વર્ષો સુધી બધું બરાબર રહ્યું અને પછી હસીન જહાંએ મોહમ્મદ શમી પર જાતીય શોષણ અને મેચ ફિક્સિંગ જેવા ગંભીર આરોપો લગાવ્યા, જેના કારણે શમીને કોર્ટની મુલાકાત લેવી પડી. વર્ષ ૨૦૧૮માં, શમી અને હસીન એકબીજાથી અલગ થઈ ગયા, જોકે તેમના હજુ સુધી છૂટાછેડા થયા નથી. થોડા દિવસો પહેલા, કોલકાતા હાઈકોર્ટે પણ શમીને તેની પત્ની અને પુત્રી માટે ૪ લાખનું ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૧૮ જુલાઈ ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫



સુરતમાંથી પસાર થતી ખાડીને કારણે તાજેતરમાં ખાડીપૂરથી શહેરના કેટલાક વિસ્તારોમાં ભારે તારાજી સર્જાયા બાદ તંત્રના માથે ખાડીપૂરને લઈ માછલા ધોવાતા કલેક્ટર સિંચાઈ વિભાગ અને મનપા તંત્ર દ્વારા ખાડીપૂરના કાયમી નિરાકરણ માટે એક કમિટી બનાવી હતી. ખાડીપૂરના દબાણોના સર્વે સહિત આગળની કાર્યવાહી કરવા સહિતની કામગીરીની સમીક્ષા માટે આજે નાણા ઉર્જા મંત્રી કનુ દેસાઈએ સુરત મહાનગરપાલિકાના મેયર દક્ષેશ માવાણી, સ્થાયી અધ્યક્ષ રાજન પટેલ, કમિશનર શાલિની અગ્રવાલ, ભાજપ પ્રમુખ પરેશ પટેલ, કલેક્ટર ડો. સૌરભ પારધી સહિતના અધિકારી સાથે બેઠક યોજી હતી.

## વિયર કમ કોઝવે પાસે પાણીની સપાટી ઘટી

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૮

ઉપરવાસમાં વરસાદ નહી પડતા ઉકાઈ ડેમમાં પણ જળસ્તર જળવાઈ રહેતા તેમજ તાપી નદીના કેચમેન્ટ એરિયામાં પણ મેઘરાજાના વિરામને કારણે વિયરકમ કોઝવે પાસે પાણીની સપાટીમાં ઘટાડો નોંધાયો હતો. આજે બપોરે ૧૨ કલાકે તાપી નદીમાં કોઝવે પાસે પાણીનું લેવલ ૫.૯૪ મીટર નોંધાયું હતું જ્યારે આજે ઉકાઈ જળાશયમાં પાણીની સપાટી ૩૨૫.૪૯ ફૂટ નોંધાઈ હતી. ડેમમાં પાણીની આવક ૬૫૧૭ ક્યુસેકની સામે એટલું જ પાણી છોડવામાં આવી રહ્યું છે.

## નર્મદ યુનિ.ના વિદ્યાર્થી હોશિલ સોલંકીએ ડિઝાઇન કરેલી બાંસની ટેબલ લેમ્પ

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૮




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના (VNSGU) માટે એ મહત્વપૂર્ણ સિદ્ધિ છે કે વિદ્યાર્થી દ્વારા વિકસાવવામાં આવેલ વધુ એક નવીન ડિઝાઈનને ડિઝાઈન એક્ટ, ૨૦૦૦ મુજબ અધિકૃત ડિઝાઈન નોંધણી મળી છે. આ સિદ્ધિ યુનિવર્સિટીના ઈન્ક્યુબેશન સેન્ટર તથા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી (SSIP)ના માર્ગદર્શન અને સહયોગથી શક્ય બની છે.

વિદ્યાર્થી શ્રી હોશિલ સોલંકીએ ડિઝાઈન કરેલી બાંસની ટેબલ લેમ્પ તેમના માર્ગદર્શક પ્રોફેસર અંકિતકુમાર એમ. ચાંગાવાલા દ્વારા ડિઝાઈન કરાયેલી પેટન્ટેડ બાંસની ખુરશીથી પ્રેરિત છે. હોશિલભાઈ જણાવે છે કે, આ લેમ્પ ગુજરાતની સ્થાનિક જાત- બેમ્બૂસા બેમ્બોસ (જેથી લોકભાષામાં "કાંટાસ" તરીકે ઓળખાય છે)ના બાંસનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવી છે, જે પોતાની મજબૂતી અને ટકાઉપણું માટે જાણીતી છે.

ડિઝાઈન પરંપરાગત બાંસના જોડાણો અને હસ્તકલા તકનીકોને આધુનિક ઉપયોગિતાથી સંકલિત કરે છે, જે સ્થાનિક કળાને માન આપે છે અને ડિઝાઈનને મજબૂત આધાર આપે છે. લેમ્પની વિશેષતા એ છે કે તેમાં નીચે પ્લાન્ટર સમાવવામાં આવ્યું છે, જે પ્રકાશ સાથે વૃદ્ધિ અને તાજગીનું પ્રતિક બની રહેલું છે. આ ડિઝાઈન પરંપરા અને આધુનિકતાનો સુંદર સંયોજન છે, જે ઘર માટે સૌંદર્ય તેમજ પર્યાવરણમૈત્રી દ્રષ્ટિએ અનોખો ઉમેરો છે.આ સફળતાઓથી વિદ્યાર્થીઓમાં નવીન વિચારોની પ્રેરણા મળશે અને ડિઝાઈન આધારિત સંશોધનને વધુ આગળ વધારવાનો માર્ગ ખુલશે. SSIP અંતર્ગત VNSGU સતત નવોદિત સંશોધકોને ટેકો આપી તેમને બૌદ્ધિક સંપત્તિ સંરક્ષણ મેળવવામાં માર્ગદર્શન આપે છે.

માનનીય કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, માનનીય રજિસ્ટ્રાર ડૉ. આર. સી. ગઢવી, ડૉ. પરેશ પારેખ, કો-ઓર્ડિનેટર SSIP અને ઈન્ટિરિયર ડિઝાઈન વિભાગના કો-ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલે હોશિલ સોલંકી અને મેંટર શ્રી અંકિતકુમાર એમ. ચાંગાવાલા અને શ્રી જેનીશ વાઘ ને તેમની પ્રશંસનીય સિદ્ધિ અને ડિઝાઈન નવીનતામાં યોગદાન બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા.

**SSIPના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનાં IPR પ્રોજેક્ટ્ને અધિકૃત ડિઝાઇન નોંધણી મળી**

## આજનું લઘુત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી નોંધાયું

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૮

સુરત શહેર અને જિલ્લામાં મેઘરાજાના વિરામ સાથે તાપમાનમાં વધારો નોધાઈ રહ્યો છે. છેલ્લા અઠવાડિયાથી ગરમીનો અનુભવ સુરતીજનો કરી રહ્યા છે. આજે સવારે સુરત શહેરનું લઘુત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનનો પારો ૩૩.૩ ડિગ્રી નોંધાયો હતો. હવામાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહેવા પામ્યું છે. આમ છેલ્લા અઠવાડિયાથી વરસાદ નહીં પડતા ગરમીનો પારો ઉચકાઈ રહ્યો છે.

## જહાંગીરપુરામાં આગ : ભરનિંદ્રામાંથી જાગી પરિવાર જીવ બચાવવા દોડ્યું

### વહેલી સવારે મકાનમાં આગ લાગતા ત્રણ ફાયર સ્ટેશનની ગાડી ઘટના સ્થળે ધસી, ચાર જણાનું રેસ્ક્યુ

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૮

જહાંગીરાબાદ ખાતે વૈષ્ણાદેવી બ્લુ બેલ બિલ્ડીગના ત્રીજા માળે ફ્લેટમાં આગ લાગતા નીદર માણી રહેલ પટેલ પરિવાર ફસાઈ ગયો હતો. ફાયર બ્રિગેડને જાણ કરાતા ફાયર ની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી આગ ઉપર કાબુ મેળવી પટેલ પરિવારના ચાર સભ્યોને લેડરની મદદથી રેસ્ક્યુ કરી સહી સલામત નીચે ઉતારવામાં આવ્યા હતા જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

ફાયર ના સૂત્રો પાસેથી જાણવા મળતી મુજબ અનુસાર જહાંગીરાબાદ સ્થિત વણ કલા રોડ શ્યામ ઈન્કલેવની પાછળ આવેલી વૈષ્ણોદેવી બ્લુ બેલ્સ બિલ્ડિંગના બી વિભાગમાં ૩૦૧ નંબરના ફ્લેટમાં વિનોદ એચ પટેલ પરિવારમાં પત્ની માયા પટેલ અને બે બાળકો નંદન પટેલ તેમજ કશ્યપ પટેલ સાથે રહે છે. ગઈકાલે રાત્રે પરિવાર રાબેતા મુજબ જમી પરવારીને સુઈ ગયો હતો. આ પરિવાર પોત પોતાના બેડરૂમમાં નીદર માણી રહ્યો હતો તે દરમિયાન અચાનક મોડી રાત્રે ફ્લેટના કિચન માંથી આગ ભભૂકી ઉઠી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જોકે પટેલ પરિવાર બહાર નીકળી શકે તેમ ન હોય અપરાતફરીનો માહોલ સર્જાયો હતો. વિનોદ પટેલ ફાયર વિભાગને જાણ કરી હતી. જેથી પાલનપુર પાટિયા અડાજન અને મોરાભાગળની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર ના જવાનોએ હાઈડ્રોલિક પ્લેટફોર્મ મારફતે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. દરમિયાન લેડરની મદદથી વિનોદ પટેલ અને તેમના પરિવારને રેસ્ક્યુ કરી સહી સલામત નીચે ઉતારવામો આવ્યો હતો તેવું ફાયરના સબ ઓફિસર ગિરીશ સેલરે જણાવ્યું હતું. આ અગ્નિ ઘટનામાં ફ્રિઝ ટીવી ફર્નિચર બેડ વગેરે વસ્તુઓ સળગી ગઈ હતી. જોકે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.



જહાંગીરાબાદ ખાતે વૈષ્ણાદેવી બ્લુ બેલ બિલ્ડીગના ત્રીજા માળના ફ્લેટમાં અચાનક આગ લાગતા ભરનિંદ્રામાં સુતેલા પરિવાર જાગી જઈ જીવ બચાવવા દોડધામ કરી દીધી હતી. આ ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડના જવાનોએ રેસ્ક્યુ ઓપરેશન ચલાવી પરિવારના ચાર સભ્યોને હેમખેમ બચાવી લીધા હતા.

## ધોરણ-૧૦ બોર્ડની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર, ૯૩,૯૦૪ વિદ્યાર્થીમાંથી ૨૫,૯૨૯ વિદ્યાર્થીઓ પાસ

### આજે બોર્ડની વેબસાઈટ પર ૨૭.૬૧% પરિણામ મૂકવામાં આવ્યું

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૮

ગુજરાતમાં આજે ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષાની પૂરક પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું શિક્ષણ બોર્ડ દ્વારા આજે સવારે બોર્ડની વેબસાઈટ પર આ પરિણામ મૂકવામાં આવ્યું હતું. ધોરણ-૧૦ બોર્ડમાં પૂરક પરીક્ષાનું ૨૭.૬૧% પરિણામ આવ્યું હતું. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જૂન-જુલાઈ ૨૦૨૫ દરમિયાન ધોરણ-૧૦ની પૂરક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ૯૩,૯૦૪ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને તેમાંથી ૨૫,૯૨૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા.

અગાઉ થોડા સમય પહેલા બોર્ડની પૂરક પરીક્ષામાં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર કરાયું હતું. જેમાં વિજ્ઞાન પ્રવાહ (૬૨.૧૨) અને સામાન્ય પ્રવાહ (૫૧.૫૮ ટકા)નું પરિણામ જાહેર થયું હતું. તે પરીણામની સરખામણીએ ધોરણ-૧૦નું પરીણામ ઘણું ઓછું કહી શકાય. ગુજરાત બોર્ડમાં માર્ચ મહિનામાં લેવાતી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષામાં એક કે તેથી વધુ વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં તે હેતુસર જૂન-જુલાઈ મહિનામાં પૂરક પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે.

## વરાછાની સગીરાને લગ્નની લાલચ આપી યુવકના અડપલાં

### ભાવનગરના વતની નિલેશ મકવાણા વિરૂદ્ધ ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૧૮

વરાછા વિસ્તારમાં રહેતી સગીરાને લગ્નની લાલચ આપી વાતોમાં ભોળવી નિલેશ મકવાણા નામનો યુવાન વરાછાના મુન ગાર્ડનમાં તેમજ પુણાગામ ખાતે મામાના ઘરે લઈ જઈ શારીરિક અડપલા કર્યા હતા. આ મામલે ગઈકાલે સગીરાના પરિવારજનો દ્વારા વરાછા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

વરાછા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ભાવનગરના વલભીપુર ભાવનગરનો વતની નિલેશ મકવાણા સને ૨૦૨૪ના ઓક્ટોબર મહિનામાં સુરત આવ્યો હોય તેણે વરાછા વિસ્તારની એક સગીરાને લગ્નની લાલચ આપી તેને અલગ-અલગ સમયે મોટા વરાછા મુન ગાર્ડનમાં તેમજ મામાના ઘરે લઈ જઈ શારીરિક અડપલા કર્યા હતા. સગીરાના પરિવારજનોને યુવાનની આ કરતૂતો ધ્યાને આવતા ગઈકાલે વરાછા પોલીસ સ્ટેશનમાં છેડતીની ફરીયાદ નોંધાવી હતી.

## સચીનમાં લૂંટ-હત્યા કેસમાં બે આરોપીને બપોર બાદ કોર્ટમાં રજુ કરાશે

### ક્રાઈમ બ્રાંચ પોલીસે બંને આરોપીને બિહારથી ઊંચકી લાવી હતી

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૮

સચિનના બજારમાં માર્કેટ વિસ્તારમાં શ્રીનાથજી જવલેર્સમાં દસ દિવસ અગાઉ એક લૂંટની ઘટના બની હતી જેમાં ચાર જણાએ જવલેર્સના માલિક આશિષ રાજપરાની ગોળી મારીને કરપીણ હત્યા કરવામાં આવી હતી.તે સમયે લોકોએ એક લૂટારૂને ઝડપી લીધો હતો.જ્યારે ડીસીબીની એક ટીમ બિહાર ખાતે રવાના થઈ હતી અને ત્યાં સમસ્તીપૂરમાં પોલીસે વેશપલટો કરીને બે રીઢા ગૂનેગારોને ઝડપી લીધા હતા. આ કેસમાં આ બંને આરોપીને પોલીસ બપોર પછી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરશે વધુમાં જણાવવાનું કે આ કેસમાં હજુ એક પીન્ટુ પાસવાન વોન્ટેડ છે.

તા.૭મીનાં રોજ રાત્રિના સચિનના બજારમાં માર્કેટ વિસ્તારમાં આવેલા શ્રીનાથજી જવલેર્સમાં ચાર લૂટારુંઓ ધસી આવ્યા અને પિસ્તોલની અણીએ માલિક આશિષ રાજપરાને બંધક બનાવી અંદાજે રૂ.૧૦ લાખની કીમતના સોના ઓંદીના દાગીના લૂટી નાસવાનો પ્રયાસ કર્યો હતો જેમાં આશિષ રાજપરાએ પ્રતિકાર કર્યો હતો જેમાં એક લૂંટારુંએ પિસ્તોલમાંથી ત્રણ ગોળીઓ આશિષ રાજપરાની છાતીમાં ધરબી દીધી હતી જેમાં તેમનું મોત થઈ થઈ ગયું હતું. આ ઘટનાંમાં લૂટારઓ ભાગવા ગયા હતા જેમાં એક લૂટારું દીપક શિવજી પાસવાનને લોકોએ ઝડપી લીધો હતો. અને તેને માર મારીને અધૂમોઓ કરી દેવામાં આવ્યો હતો. જેની પોલીસે ધરપકડ કરી હતી આ કેસમાં સુરત ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ તપાસમાં જોડાઈ હતી. મળેલી માહિતીના આધારે ડીસીબીની એક ટીમ બિહારના સમસતીપુર ખાતે આવેલા દીધી ક્લા સિટીમાં દામા નાખ્યા હતા. અને સતત ત્રણ થી ચાર દિવસ સુધી ડીસીબની ટીમે વેસ્ટ પલટો કરીને ગામડાંના લોકો હોય તેવો વેશ ધારણ કર્યો હતો અને લૂંટમાં સંડોવાયેલા બે રીઢા ગુનાગારો સંજય ચંદ્રદેવ પાસવાન (રહે દીધીકલા હાજીપુર સદર વૈશાલી બિહાર)અને અવિનાશ ઉર્ફે રાકેશ! રઘુનાથ પાસવાન

અનુસંધાન પાના ૭ પર

## મહીધરપુરાના ટ્યુશન ક્લાસીસના દરવાજાને મહિલા કામીનીબેને તાળુ મારી હોબાળો મચાવ્યો

### શિક્ષકો-વિદ્યાર્થીઓને એક કલાક સુધી ગોંધી રખાતા પોલીસ દોડી આવી,ટ્યુશન સંચાલક પરેશ અંકલેશ્વરીયાએ ફરીયાદ નોંધાવી

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૮

મહીધરપુરા કંશારા શેરીમાં આવેલા વર્ષોથી ચાલતા સોહમ ટ્યુશન ક્લાસીસના ગ્રાઉન્ડ ફ્લોરના પાર્કીંગ મુદ્દે ૫૦ વર્ષિય મહિલાએ ટ્યુશન ક્લાસીસના સંચાલક સહિત અભ્યાસ અર્થે આવતા બાળકોની જાણ બહાર દરવાજાને તાળુ મારી દીધું હતું. કલાક સુધી શિક્ષકો અને વિદ્યાર્થીઓ ટ્યુશનમાં ગોંધાયેલા રહ્યા હતા. અંતે આ બાબતે પોલીસને જાણ કરાતા મહીધરપુરા પોલીસનો સ્ટાફ સ્થળ ઉપર પહોંચી ગયો હતો જોકે પોલીસની હાજરીમાં જ કામીની સોની નામની મહિલાએ ટ્યુશન ક્લાસ સંચાલક પરેશભાઈ અંકલેશ્વરીયા અને ઓફીસમાં કામ કરતા કમલેશભાઈને ગાળો ભાંડી હતી. આ સમગ્ર મામલે પરેશભાઈ અંકલેશ્વરીયા દ્વારા મહીધરપુરા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

મહીધરપુરા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર કતારગામ લેક ગાર્ડન પાસે જમ્રી ફળીયામાં રહેતા અને વર્ષોથી ટ્યુશન ક્લાસીસના વ્યવસાય સાથે સંકળાયેલા સોહમ ટ્યુશન ક્લાસના સંચાલક પરેશભાઈ અંકલેશ્વરીયા ઉ.વ.૫૩ના મહીધરપુરા કંસારા શેરી એન્ટવર્પ પાર્ક ખાતે ટ્યુશન ક્લાસ આવેલા છે.

દરમિયાન એન્ટવર્પ પાર્કના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ટ્યુશન ક્લાસમાં આવતા શિક્ષકો, સંચાલક તેમજ વિદ્યાર્થીઓ પોતાના વાહન પાર્ક કરતા હોય ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતી કામીનીબેન મનહરભાઈ સોની ઉ.વ.૫૦ અવાર નવાર પાર્કીંગ બાબતે માથાકુટ કરતા હોય છે. દરમિયાન ગઈકાલે સાંજના સમયે ટ્યુશન ક્લાસના અવર-જવરના મેઈન ગેટને તાળુ મારી દીધું હતું. સતત કલાક સુધી શિક્ષકો અને વિદ્યાર્થીઓ ક્લાસીસમાં ગોંધાયેલા રહ્યા હતા. આ મામલે પોલીસને જાણ કરાતા મહિધરપુરા પીઆઈ સહિતનો સ્ટાફ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ગયો હતો અને મામલો શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો જોકે કામીનીબેન સોનીએ શિક્ષક પરેશભાઈ અંકલેશ્વરીયા તથા એન્ટવર્પ પાર્કમાં અન્ય ઓફીસ ધરાવતા કમલેશભાઈ વારૈયાને એલફેલ ગાળો આપી હતી.

## કિશોરીને ઓલપાડના ફાર્મ હાઉસમાં લઈ જઈ યુવકે બળાત્કાર ગુજાર્યો

### અમરોલી પોલીસ સ્ટેશને કિશોર ડાયાણી સામે ગુનો નોંધાયો

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૮

અમરોલી વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષિય તરૂણી ગઈ તા.૧૨ જુનના રોજ સાંજના સમયે નાસ્તો કરવા માટે ઘરેથી નિકળી હતી ત્યારે કાપોદ્રા મમતા પાર્ક સોસાયટીમાં રહેતા કિશોર ડાયાણી નામના યુવાને તરૂણીને લલચાવીને ઓલપાડ તરફના કોઈક ફાર્મ હાઉસમાં લઈ ગયો હતો અને ત્યાં તરૂણી ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. પરત ઘરે આવેલી તરૂણીએ પરિવારજનોને આ બાબતે જાણ કરી દેતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.અમરોલી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર કાપોદ્રા મમતા પાર્કમાં રહેતા કિશોર ડાયાણીએ ગઈ તા.૧૨ જુનના રોજ સાંજના સમયે એક તરૂણી નાસ્તો કરવા માટે ઘરેથી નિકળી હતી ત્યારે તેને લલચાવી ફોસલાવીને પોતાની સાથે ઓલપાડ ખાતે ફાર્મ હાઉસમાં લઈ ગયો હતો. કિશોર ડાયાણીએ તરૂણીને હવસનો શિકાર બનાવી હતી. મોડી રાત્રે પરત ઘરે ફરેલી તરૂણીએ પરિવારજનોને આપવિતી કહેતા આ મામલે ગઈકાલે અમરોલી પોલીસ સ્ટેશનમાં કિશોર ડાયાણી સામે બળાત્કારનો ગુનો નોંધાવાયો હતો.




## હત્યા કેસમાં વચગાળાના જામીન પર છૂટી ફરાર આરોપી નવ મહિના બાદ ઝડપાયો

(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૧૮

સને ૨૦૨૨ના ડિસેમ્બર મહિનામાં વરાછા વિસ્તારમાં ખુશાલ કોઠારી નામના યુવાનની ચપ્પુના ઘા મારી હત્યા કરવાના ગુનામાં લાજપોર જેલમાં કેદ આરોપી હાઈકોર્ટમાંથી વચગાળાના જામીન મેળવી મુદ્દત પુરી થઈ હોવા છતાં ફરી જેલમાં હાજર થયો ન હતો. દરમિયાન ૯ મહિનાથી ફરાર આ આરોપીને ક્રાઈમ બ્રાંચે કાપોદ્રા યોગીચોક સાયોના પ્લાઝા પાસેથી ગત મોડી સાંજે ઝડપી પાડ્યો હતો અને તેને જેલને હવાલે કર્યો હતો.આ બનાવની વિગત અનુસાર ગત ડિસેમ્બર ૨૦૨૨માં વરાછા પોલીસ સ્ટેશનમાં આરોપી પ્રકાશ ઉર્ફે અપ્પુ પ્રતાપરાય ઓઝા વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધાયો હતો. પ્રકાશ ઉર્ફે અપ્પુએ ખુશાલ કેશુભાઈ કોઠારીની હત્યા કરી નાંખી હતી. અંગત અદાવતમાં ખુશાલ કોઠારી ઉપર પ્રકાશ અને તેના મિત્ર હર્ષ ગામીએ હુમલો કર્યો હતો. દરમિયાન પોલીસે આરોપીને ઝડપી પાડી કોર્ટમાં રજુ કર્યા બાદ તેને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવાયો હતો. લાજપોર જેલમાં કાચા કામના કેદી તરીકે કેદ રહેલા પ્રકાશે ગઈ તા.૬-૯-૨૦૨૪ના રોજ હાઈકોર્ટમાંથી વચગાળાના ૧૦ દિવસના જામીન મેળવ્યા હતા. જોકે ત્યારબાદ તે પરત જેલમાં હાજર થયો ન હતો અને છેલ્લા ૯ મહિનાથી તે ફરાર હતો. દરમિયાન ક્રાઈમ બ્રાંચે ગઈકાલે તેને ઝડપી જેલ હવાલે કર્યો હતો.

SGCCI
ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર
ફેબ્રિક અને ગારમેન્ટનું સુરતનું સૌથી વિશાળ એક્ઝિબિશન
4th EDITION
WEAVE KNITT EXHIBITION 2025
THE COMPLETE FABRIC SHOW
18 19 20 JULY 2025
B2B Platform for Weavers & Knitters
ઉદ્દઘાટન સમારોહ
શુક્રવાર, તા. ૧૮ જુલાઈ, ૨૦૨૫ સવારે ૧૦:૦૦ કલાકે સેમિનાર હોલ-A, SIECC ડોમ, સરસાણા, સુરત.
એક્ષ્પોનું સ્થળ
સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત
POWERED BY
ADITYA BIRLA CELLULOSIC FIBRES
Birla Cellulose Fibres from nature
PLATINUM SPONSOR
SHREE SILK SURIRAJ SILK
J EKLERA
orange
Shahlon GROUP
SILVER SPONSOR
AMANTA FABRICS LLP
નોંધ : એક્ઝિબિશન સમય સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦